RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 208* Date: 26.05.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### તમામ મુસાફરોના ચહેરા પર માસ્ક ફરજીયાત, પહેલાં જ દિવસે ફ્લાઈટ કેન્સલ

# આકાશમાં લોકડાઉન ખત્મ, વિમાનોની ઘરેરાટીથી આકાશ ગૂંજી ઉઠ્યું

### પીપીઈ, ગ્લવ્સ, માસ્ક પહેરેલા મુસાફરો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતાં જણાયાં,પ્રથમ ગ્રાસે મક્ષિકા, દિલ્હીથી ૮૨ ફ્લાઈટ રદ થઈ



*ન્યુ દિલ્હી,તા.૨૫*

અંદાજે ૬૦ દિવસના લોકડાઉનથી શાંત પડેલા ભારતના આકાશમાં આજે ફરી એકવાર વિમાનોની ઘરેરાટી અને એરપોર્ટ પર મુસાફરોની હિલચાલ અને અવરજવર તથા ચહલપહલ જોવા મળી હતી. તમામ પ્રવાસી મુસાફરો માસ્ક પહેરેલા જોવા મળ્યા હતા. પહેલા જ દિવસે ક્યાંક વિમાન કેન્સલનો સામનો મુસાફરોને સહન કરવો પડ્યો હતો.

નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટથી આજે ૨૪૩ ફ્લાઈટનું સંચાલન થવા અંગેનું શીડ્યુલ હતું. જે પૈકી ૧૧૮ અરાઈવલ તેમજ ૧૨૫ ડીપાર્ચર ફ્લાઈટ્સ હતી. દેશભરમાં તમામ મોટા એરપોર્ટ પરથી આજથી ફ્લાઈટ્સ પુનઃ શરૂ થઈ રહી છે. જો કે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો છે. પ્રથમ દિવસે જ દિલ્હીમાં જ ૮૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

દેશભરમાં સોમવારે ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરી દેવાઈ હતી. દિલ્હી-ભુવનેશ્વર વિસ્તારની ફ્લાઈટમાં મુસાફરો ફેસ શિલ્ડ પહેરેલા જોવા મળ્યા હતા. એર ઈન્ડિયાની બેંગલુરુ- હૈદરાબાદ ફ્લાઈટ કોઈ પણ પ્રકારની અગાઉની સૂચના વગર રદ કરી દેવાઈ હતી.

મુસાફરોઓએ જણાવ્યું કે, બોર્ડિંગ પાસ સ્કેન કરવા અંગે કહેતાં એવો જવાબ મળ્યો કે, ફ્લાઈટ કેન્સલ કરી દેવાઈ છે. બે મહિના સુધી સંપૂર્ણ બંધ રહ્યા પછી જ્યારે આજે ઈદના દિવસથી જ ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ થઈ ત્યારે મોહમ્મદ ઈમરાન માટે આ સમાચાર ઈદી જેટલી જ મીઠાસ લઈને આવ્યા હતા. બે મહિનાથી દિલ્હીમાં ફસાયેલા ઈમરાન ઈદના દિવસે રાંચી પરત ફરવા માટે ખૂબ ઉત્સાહિત હતા. પરંતુ દિલ્હી એરપોર્ટ પર પહોંચતા જ તેમનો ઉત્સાહ હતાશામાં ફેરવાઈ ગયો હતો.

ઈમરાને કહ્યું, મારી સવારે સાત વાગે ફ્લાઈટ હતી. હું બે કલાક પહેલાં જ એરપોર્ટ પહોંચી ગયો હતો. પરંતુ અહીં આવીને ખબર પડી કે ફ્લાઈટ કેન્સલ થઈ ગઈ છે. આ વિશે એર ઈન્ડિયાએ પહેલાં કોઈ માહિતી નહતી આપી. ફ્લાઈટ કેન્સલ થતાં પહેલાં કોઈ એસએમએસ કે ફોન પણ નહતો આવ્યો અને ઓનલાઈન ચેક કર્યું તેમાં પણ ફ્લાઈટ કેન્સલ નહતી બતાવતી. હું જયારે એરપોર્ટ આવ્યો ત્યારે એર ઈન્ડિયા સ્ટાફે કહ્યું કે, તમારી ફ્લાઈટ કેન્સલ થઈ છે.ઈમરાન હવે હતાશ થઈને એરપોર્ટથી પરત ફરી રહ્યા છે. ઘણી ફ્લાઈટ કેન્સલ કરી દેવામાં આવી છે અને ઘણી ફ્લાઈટ્સના ટાઈમ ૧૦-૧૨ કલાક પાછળ કરવામાં આવ્યો છે.

મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થવા લેટ થવા વિશે એક અધિકારીએ જણાવ્યું કે, ઘણાં રાજયોએ ફ્લાઈટ્સને મંજૂરી આપવાની ના પાડી દીધી છે, તેથી તકલીફ વધી રહી છે. બંગાળની દરેક ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. આ સિવાય અન્ય અમુક રાજ્યોમાં પણ જતી ફ્લાઈટ્સમાં આવું થયું છે.

કોટાથી દિલ્હી એરપોર્ટ પહોંચેલા એક મુસાફરે જણાવ્યું કે, અમે ૧૬ સ્ટૂડન્ટ છીએ. દરેક કોટામાં મેડિકલની તૈયારી કરી રહ્યા હતા. અમારી સવારે ૪ વાગે પોર્ટ બ્લેયરની ફ્લાઈટ હતી, જે રદ કરી દેવામાં આવી છે. અમે લોકો રાત્રે અંદાજે ૧૨ વાગે એરપોર્ટ પહોંચી ગયા હતા. આખી રાત અમે જમીન પર બેસી રહ્યા અને અત્યારે પણ એરલાઈન્સે અમને કોઈ રેસ્ટ રૂમ અથવા લોન્જ નથી આપ્યું. તે લોકો હવે એવું કહી રહ્યા છે કે, કદાચ સાંજે ફ્લાઈટ ઉપડશે, પરંતુ એ પણ નક્કી નથી.

પેસેન્જર્સની તૈયારીઓ જોઈને સ્પષ્ટ લાગે છે કે તેઓ ઉડાન ભરવા કેટલા ઉત્સુક છે. દરેક વ્યક્તિ ન્યૂ નોર્મલની અપેક્ષાઓ પ્રમાણે તૈયારી પૂરી કરીને એરપોર્ટ પહોંચ્યા છે. ચહેરા પર માસ્ક, હાથમાં ગ્લવ્સ સિવાય અમુક યાત્રીઓ ઓવરઓલ પર્સનલ પ્રોટેક્શન ગીયર સાથે એરપોર્ટ પર સવારે પહોંચી ગયા હતા.

એવું લાગે છે કે, કોરાના આખા વિશ્વ ઉપર હાવી છે. સવારે એરપોર્ટ પર માસ્ક, શીલ્ડ અને પીપીઈ કિટ વેચનારની દુકાને જ સૌથી વધારે ભીડ જોવા મળી હતી. જે યાત્રીઓ એરપોર્ટ પર હતા તેમાં સૌથી વધારે સ્ટૂડન્ટ, વૃદ્ધ અને નાના બાળકો હતા.

એરપોર્ટ પર સામાન્ય દિવસો કરતા વધારે સુરક્ષા દેખાઈ હતી અને કર્મચારીઓ પણ મુસાફરો પાસે ગાઈડલાઈનનું પાલન કરાવતા હતા. અંદર જતા પહેલા યાત્રીઓનો સામાન સેનેટાઈજ કરવામાં આવી રહ્યો છે. ઓટોમેટિક સેનેટાઈઝ ડિસ્પેન્સર લગાવવામાં આવ્યા છે અને લોકોને અંતર રાખવા માટે વારંવાર લાઉડ સ્પીકર પર અનાઉન્સમેન્ટ કરવામાં આવી રહ્યું છે.એરપોર્ટ પર શરૂઆતનું વાતાવરણ સરળ અને સામાન્ય દેખાતુ હતું. પીપીઈ, ગ્લવ્સ, માસ્ક પહેરેલા યાત્રીઓ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીને વારા ફરથી એરપોર્ટમાં પ્રવેશ કરતાં દેખાયા હતા.

### કોરોનાના સતત વધતાં જતાં કેસોના કારણે લોકડાઉન-પની તૈયારી રાખવી પડશે

# દેશમાં કોરોનાનો આતંકઃ ૨૪ કલાકમાં ૭ હજાર પોઝિટિવ કેસ

*ન્યુ દિલ્હી,તા.૨૫*

ભારતે લોકડાઉન-૪ પછી હવે લોકડાઉન-૫ માટેની તૈયારીઓ રાખવી પડે તેમ કોરોનાવાયરસના કેસોમાં સોમવારે સવારે સતત ચોથા દિવસે, સૌથી વધુ વધારો થયો છે, છેલ્લા ૨૪ કલાકમાં અધધ.. ૬,૯૭૭ નવા પોઝીટીવ કેસ નોંધાયા છે. જે અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધારે છે. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૧૫૪ લોકોના મોત થતાં દેશમાં મૃત્યુઆંક પણ ૪૦૦૦ને વટાવી ગયો છે, કુલ મૃત્યુઆંક હવે ૪૦૨૧ પર પહોંચ્યો છે. સાજા થયેલાઓની સંખ્યા સંખ્યા ૫૭૭૨૧ પર પહોંચી ગઈ છે. રોજે રેજ કેસોની વધતી જતી સંખ્યા જોતાં કન્દ્ર સરકારે લોકડાઉન-૫ માટેની તૈયારી રાખવી પડે તો નવાઈ નહીં. કેમ કે કેસો ઓછા થવાને બદલે સતત વધી રહ્યાં છે. જે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો કરતાં સામાન્ય માણસ માટે ચિંતાજનક કહી શકાય તેમ છે. કેમ કે, સૂત્રોના કહેવા પ્રમાણે, જો આ જ રીતે રોજેરોજ ૫ હજાર કરતાં વધારે કેસો કોરોના પોઝીટીવના નોંધાતા રહેશે તો સરકાર જનહિતમાં વધુ એક લોકડાઉન માટે વિચારે તો નવાઈ નહીં

દેશભરમાં કોરોના વાઈરસે અત્યાર સુધી ૧,૩૮, ૫૩૬ લોકોને તેના સંકજામાં લીધા છે. અને તેનાથી ૪,૦૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. સાથે જ દેશભરમાં અત્યાર સુધી ૫૭,૬૯૧ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે સંક્રમિતોની સંખ્યા મહારાષ્ટ્રમાં છે. અહીં ૫૦,૨૩૧ લોકો સંક્રમિત અને ૧,૬૩૫ લોકોના મોત થયા છે. બીજા નંબરે રહેલા તમિલનાડુમાં ૧૬,૨૭૭ લોકો સંક્રમિત થયા છે અને ૧૧૨ લોકોના મોત થયા છે. તો બીજી તરફ ૧૪,૦૬૩ દર્દીઓ સાથે ગુજરાત ત્રીજા નંબરે છે. રવિવારે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૧૬૩૫ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા હતા. માત્ર મુંબઈમાં કોરોના દર્દીઓમાંથી ૯૮૮ લોકોના મોત થયા છે. તમિલનાડું દેશું આઠમું રાજ્ય બન્યું છે જ્યાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે.

મહારાષ્ટ્રના વધુ ૫૧ પોલીસકર્મી કોરોના પોઝિટિવ જાહેર થતાં, કુલ સંક્રમિત પોલીસકર્મીનો આંકડો ૧૮૦૯એ પહોંચ્યો છે. તો બીજી તરફ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનના કાર્યાલયનો એક સ્ટાફ કોરોના પોઝિટિવ જાહેર થયો છે.જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ જીસી મુર્મૂ(ગુજરાત કેડર)ના સલાહકાર આરઆર ભટનાગરની પત્ની અને દીકરો કોરોના પોઝિટિવ જાહેર થયા છે. તે બન્ને રવિવારે દિલ્હીથી જમ્મુ આવ્યા બતા. આરઆર ભટનાગરે પોતાને પણ સેલ્ફ ક્વૉરન્ટીન કરી લીધા છે. તેમની પત્ની દિલ્હીમાં ડોક્ટર છે. ભટનાગર પહેલા સીઆરપીએફના ડીજી પણ રહી ચુક્યા છે.

દિલ્હીમાં ૬ એસએચઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાં જામિયા નગર, લાજપત નગર, ઉત્તમ નગર, ફર્શ બજાર, નોર્થ એવેન્યૂ અને નંદી નગરના એસએચઓ સામેલ છે. એડિશનલ ડીસીપી શાહદરા પણ કોરોના પોઝિટિવ મળ્યા છે.

સાથે સાથે દેશભરમાં સોમવારે ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરી દેવાઈ હતી. દિલ્હી-ભુવનેશ્વર વિસ્તારની ફ્લાઈટમાં યાત્રિઓ ફેસ શિલ્ડ પહેરેલા જોવા મળ્યા હતા.

એર ઈન્ડિયાની બેંગલુરુ- હૈદરાબાદ ફ્લાઈટ કોઈ પણ પ્રકારની અગાઉની સૂચના રદ કરી દેવાઈ હતી. યાત્રિઓએ જણાવ્યું કે, બોર્ડિંગ પાસ સ્કેન કરવા અંગે જણાવ્યું કે, ફ્લાઈટ કેન્સલ કરી દેવાઈ છે.

કોરોના કોવિડ-૧૯ મહામારીના કેસની સંખ્યામાં, ભારત ફક્ત યુએસ, રશિયા અને બ્રાઝિલથી પાછળ છે. દર ૨૪ કલાકમાં તાજા કેસો નોંધાવવા છેલ્લા કેટલાક દિવસોમાં કોવિડ - ૧૯ ના અન્ય હોટસ્પોટ્સની સંખ્યામાં ભારત સતત આગળ છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૪૦૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો :૧૪૪૬૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ30**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૨૨૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૬૬૩૬**

### યુનિવર્સિટી ઓફ મિશિગન અને જોન હોપકિન્સ યુનિ.એ ચેતવણી આપી

# ભારતમાં જુલાઈના પહેલા સપ્તાહ સુધી ૨૧ લાખ લોકો કોરોનાથી સંક્રમિત થઈ શકે

વોશિંગ્ટન,તા.૨૫

ભારત પણ દુનિયાભરમાં કોરોના વાયરસના હોટસ્પોટ પૈકીનો એક દેશ બની ગયો છે અને અહીં સંક્રમણના કેસ ૧,૩૮,૫૦૦થી પણ વધુ થઈ ચૂક્યા છે. ભારતમાં સંક્રમણથી ૪,૦૨૧ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે. જોકે હવે યુનિવર્સિટી ઓફ મિશિગન અને જોન હોપકિન્સ યુનિવર્સિટીએ કોરોના મોડલ વિશે ચેતવણી આપી છે કે ભારતમાં જુલાઈના પહેલા સપ્તાહ સુધી ૨૧ લાખ લોકો સંક્રમણનો શિકાર થઈ શકે છે.

યુનિવર્સિટી ઓફ મિશિગનમાં બાયોસ્ટૈટિસ્ટિક્સ અને મહામારો રોગ વિશેષજ્ઞ પ્રોફેસર ભ્રમર મુખર્જીએ ન્યૂઝ એજન્સીને ભારત માટે તૈયાર કરવામાં આવેલા મોડલ વિશે જાણકારી આપી છે કે અહીં સ્થિતિ વધુ ગંભીર થઈ શકે છે. પ્રોફેસર ભ્રમર મુખર્જીનું કહેવું છે કે ભારતમાં સંક્રમણના કેસ વધવાની ગતિ હજુ ધીમી નથી થઈ. સરકારી આંકડાઓ મુજબ, ભારતમાં કોરોના વાયરસથી સંક્રમણના કેસ દર ૧૩ દિવસે બમણાં થઈ રહ્યા છે. એવામાં સરકારના લૉકડાઉન સાથે જોડાયેલા પ્રતિબંધોમાં છૂટ આપવી મુશ્કેલ વધારી શકે છે.આ પહેલા પ્રોફેસર ભ્રમર મુખર્જીની ટીમે જ એપ્રિલમાં સૌથી પહેલા જણાવ્યું હતું કે મધ્ય મે સુધી ભારતમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખથી વધુ થઈ જશે.

હવે મુખર્જીની ટીમનું અનુમાન છે કે ભારતમાં જુલાઈની શરૂઆત સુધી ૬,૩૦,૦૦૦થી ૨૧ લાખ લોકો આ વાયરસથી સંક્રમિત થઈ શકે છે.સમાચાર એજન્સીનું કહેવું છે કે ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે સંક્રમણમાં વૃદ્ધિ સાથે જોડાયલા આ અનુમાનો પર કોઈ પ્રતિક્રિયા નથી આપી. નોંધનીય છે કે દેશભરમાં સંક્રમણના કુલ કેસનો પાંચમો હિસ્સો માત્ર મુંબઈ શહેરમાં છે.

### સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠનએ રિપોર્ટમાં અંદાજ લગાવ્યો

# કોરોના સંકટઃ આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાં ૮૦ ટકાનો ઘટાડો

યુએન,તા.૨૫


દુનિયાભરમાં ફેલાયેલ કોરોના મહામારીથી આ વર્ષે આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાં ૮૦ ટકા ઘટાડો થયો છે. સંયુકત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠન (યુએનડબલ્યુટીઓ)એ પોતાના રિપોર્ટમાં આ અંદાજ લગાવ્યો છે. તેણે કહ્યું કે મહામારીના લીધી ૨૦૨૦ માં પહેલા ત્રિમાસીકમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં ૨૨ ટકાનો ઘટાડો થયો છે. સંયુકત રાષ્ટ્રની આ ખાસ એજન્સી અનુસાર કોરાનાના કારણે વાર્ષિક પર્યટનમાં ૨૦૧૯ ની સરખામણીમાં ૬૦ થી ૮૦ ટકાનો ઘટાડો થઇ શકે છે સંસ્થાએ કહ્યું કે તેના લીધે ૧૦ થી ૧૨ કરોડ લોકોની રોજીરોટી જોખમમાં છે.

રિપોર્ટ અનુસાર, કોરોનાના કારણે પર્યટન ઉદ્યોગમાં સૌથી વધુ નુકસાન એશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં થયું છે. ત્યાર પછી યુરોપને નુકસાન ગયું છે. આ વિસ્તારોમાં દર વર્ષે લગભગ ૩.૩ કરોડ લોકો ઉનાળામાં રજા માણવા આવે છે. કોરોના સંકટના કારણે આ વર્ષે આખો પર્યટન ઉદ્યોગ ઠપ પડેલો છે હવાઇ સેવાઓ બંધ હોવાથી પ્રવાસીઓનું આવવુ શકય નથી જણાવી દઈએ કે દેશમાંથી દર વર્ષે બે કરોડથી વધારે લોકો રજાઓ માણવા અને ફરવા વિદેશ જાય છે. ૧૦ વર્ષમાં આ આંકડો ૩ ગણો વધ્યો છે.

ભારતના પર્યટન ઉદ્યોગને પણ બહુ ખરાબ અસર થઇ છે. લોકડાઉન લાંબુ ચાલવાથી આ ક્ષેત્રમાં કામ કરતા ૩.૮ કરોડ લોકો સામે રોજગારીનું સંકટ છે. યુએનડબલ્યુટીઓ અનુસાર, આ વર્ષે આંતારરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યામાં મોટો સુધારો થવાની આશા ઓછી છે આવતા વર્ષે સુધારો જોવા મળી શકે છે. પાછલા રેકોર્ડ જોતા આંતરરાષ્ટ્રીય પ્રવાસની સરખામણીમાં સગાઓ, મિત્ર અથવા કામ અંગે જનારાઓની સંખ્યામાં વધારો થવાની શકયતા છે. આંતરરાષ્ટ્રીય યાત્રાનો સૌથી વધારે ફાયદો આફ્રિકાને મળી શકે છે.

### સરહદે વિવાદ વચ્ચે નેપાળના વિદેશમંત્રીનું મહત્ત્વપૂર્ણ નિવેદન

# હવે શાન આવી ઠેકાણેઃ ભારત સાથે સારા સંબંધ,વાતચીતથી વિવાદ ઉકેલીશુંઃ નેપાળ



કાઠમાંડૂ,તા.૨૫

કાલાપાની અને લિપુલેખ જેવા ઊભા થયેલા સરહદ વિવાદની વચ્ચે નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ કુમાર ગ્યાવલીએ ભારતને એવો દેશ ગણાવ્યો છે જેની સાથે નિકટતમ સંબંધો છે. ગ્યાવલીએ કહ્યું કે નેપાળની સાથે વિશિષ્ટ અને નજીકના સંબંધો છે. લિપુલેખ પર વાતચીત કરવાથી અંતર રાખતા તેઓએ કહ્યું કે નેપાળ સરકારને વિશ્વાસ છે કે કાલાપાનીનો મુદ્દો વાતચીત દ્વારા ઉકેલાઈ જશે. વિદેશ મંત્રીના આ નિવેદનને નેપાળનું વલણ નરમ પડતું હોય તે રીતે જોવામાં આવી રહ્યું છે.ગ્યાવલીએ અંગ્રેજી અખબારને આપેલા એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, અમે હંમેશા કહ્યું છે કે આ મુદ્દાના સમાધાનની એક માત્ર રીત સારી ભાવના સાથે વાતચીત કરવી છે. કોઈ આવેશમાં આવ્યા વગર કે બિનજરૂરી ઉત્સાહ અને પૂર્વાગ્રહની સાથે નેપાળ વાતચીચ દ્વારા સરહદ વિવાદને ઉકેલતા માંગે છે. અમને વિશ્વાસ છે કે આ મુદ્દો દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઉકેલી શકાશે.તેઓએ જોકે લિંપિયાધુરા, લિપુલેખનો ઉલ્લેખ ન કર્યો જેના વિશે નેપાળ પોતાનો વિસ્તાર હોવાનો દાવો કરે છે. નોંધનીય છે કે, બંને દેશોની વચ્ચે સંબંધોમાં ત્યારે તણાવ આવી ગયો હતો જ્યારે રક્ષા મંત્રી રાજનાથ સિંહે ૮ મેના રોજ ઉત્તરાખંડમાં લિપુલેખને ધારચુલાથી જોડનારા રણનીતિક રીતે મહત્વપૂર્ણ ૮૦ કિલોમીટર લાંબા રોડનું ઉદ્ઘાટન કર્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

### અવશેષો પર સવાલ

અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે દાવો કર્યો છે કે મંદિર પ્રાંગણને સમતલ કરતી વખતે જૂના મંદિરના અવશેષ મળ્યા છે.ટ્રસ્ટે જિલ્લાધિકારીની પરવાનગીથી ૧૧ મેથી અહીં સમતલ કરવાનું કામ શરૂ કર્યું હતું.ટ્રસ્ટે જાહેર કરેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સમતલીકરણ દરમિયાન મોટી સંખ્યામાં પુરાતન અવશેષ, દેવી-દેવતાઓની ખંડિત મૂર્તિઓ, પુષ્પ કળશ તથા અન્ય કલાકૃતિઓ મળી આવી છે.ટ્રસ્ટના સચિવ ચંપત રાયે મીડિયાને કહ્યું કે અત્યાર સુધી સાત બ્લૅક ટચસ્ટોનના સ્તંભ, છ રૅડસૅન્ડ સ્ટોન, પાંચ ફૂટનું નકશીકામવાળું શિવલિંગ અને મહેરાબના પથ્થર મળી આવ્યાં છે.ટ્રસ્ટ પ્રમાણે આ પુરાતન અવશેષો રામમંદિરના પ્રામાણિક તથ્ય છે.સમતલ કરવાની આ પ્રક્રિયા રામજન્મભૂમિના એ સ્થળ પર ચાલી રહી છે જ્યાં સુપ્રીમ કોર્ટના નિર્ણય પહેલા રામલલા વિરાજમાન હતા.કહેવાય છે કે સમતલ કરવાની પ્રક્રિયા દરમિયાન જે વસ્તુઓ હાલ મળી છે, તેવી જ વસ્તુઓ અગાઉ પણ મળી હતી.પરંતુ બાબરી મસ્જિદ ઍક્શન કમિટીના સંયોજક અને સુન્ની વક્ફ બોર્ડના વકીલ રહ્યા ઝફરયાબ જિલાનીએ આ અવશેષો મળવા પર પ્રશ્ન ઊભા કર્યા છે.મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે એએસઆઈ તરફથી આપેલા પ્રમાણ મુજબ ત્યાં ૧૩મી શતાબ્દીનું કોઈ મંદિર નહોતું, એવામાં અવશેષ મળવાની વાત પ્રૉપૅગૅન્ડા સિવાય બીજું કશું નથી.આ દરમિયાન, આ અવશેષો મંદિર અથવા શિવલિંગ સાથે જોડાયેલા નથી, પરંતુ બૌદ્ધ સ્તંભ સાથે જોડાયેલા છે એવો દાવો કરીને નવો વિવાદ ઊભો કરવાના પ્રયત્ન પણ થઈ રહ્યા છે.આમ તો આ સ્થળ અંગે વિવાદો નવી વાત નથી જો કે સુપ્રીમે આ મામલે આખરી ચુકાદો આપતા આ સ્થાન રામલલાને સોંપી દીધુ છે અને આ મામલાને ઠંડો પાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આમ છતાં એક વર્ગ એવો છે જે આ મામલે એમજ માને છે કે અહી મંદિરનું અસ્તિત્વ હતું અને તે કારણે મસ્જિદ ગેરકાયદે હતી અને તેને તોડી પાડવામાં કશું અયોગ્ય ન હતું અને આ કારણે જ આ સ્થળે મંદિર હોવાની વાતો સતત કરાતી રહી છે હાલ તો આ સ્થળ પર મંદિરને લગતું કાર્ય થઈ રહ્યું છે સુપ્રીમે જમીન રામલલાને સોંપી દીધા બાદ અહી મંદિરને લગતી કાર્યવાહી જોરશોરથી શરૂ થઈ હતી પણ ત્યારબાદ અચાનક જ દેશમાં કોરોનાએ પ્રવેશ કર્યો જે કારણે અહી ચાલતી કાર્યવાહીને પણ અટકાવવાની ફરજ પડી હતી.હાલમાં ફરીથી આ સ્થળે કામગિરી ફરીથી ચાલુ કરવામાં આવી છે આ મામલે અહીનાં મુસ્લિમ સમુદાયે તો સુપ્રીમના ચુકાદાનો સ્વીકાર કરી લીધો હતો એટલે તેમને આ મામલે કોઈ વિરોધ કે વાંધો નથી પણ તેમ છતાં બંને સમુદાયો વચ્ચે આ મામલે સંઘર્ષ થાય તો તેનો રાજકીય ફાયદો ઉઠાવી શકાય કે કેમ તે અંગે વિવિધ સંગઠનો સતત પોતાની રીતે આ વિવાદની અગ્નિમાં ઘી હોમવાનું કામ કરતા જ હોય છે.આ મામલો પહેલેથી સંવેદનશીલ છે અને એનો ફાયદો રાજકીય પક્ષોએ ઉઠાવ્યો જ છે ત્યારે આ સ્થળે ફરીથી મંદિરનાં અવશેષોની વાતને ચગાવવા પાછળ કોનો હાથ છે અને તેમની મંશા શુ છે તે બહાર આવે તે જરૂરી છે કારણકે આ બહાને ફરીથી સંઘર્ષનાં મંડાણ થવાની શકયતા છે.

## દૈનિક રાશીફળ

તા.૨૬-૦૫-૨૦૨૦ મંગળવાર

**મેષ (અ.લ.ઈ.) :-** તમારો યોજનાબદ્ધ કાર્યક્રમ ચાલતો હોય બપોરથી તમારુ બજેટ ખોરવાઈ જાય તેવા ખર્ચા થાય ને કાર્યો અટકે

**વૃષભ (બ.વ.ઉ.) :-** તમારા કાર્યક્ષેત્રની જંજાળોમાં ફસાયેલા હોય બપોરથી મનગમતી પ્રવૃત્તિ હાથમાં આવતા ઉત્સાહને પ્રસન્નતા વધે.

**મિથુન (ક.છ.ઘ.) :-** તમારી ગણતરી મુજબ કાર્ય થતાં દેખાય. બપોરથી વિરોધીની હેરાનગતિ વધતા અણધાર્યા ખર્ચ થાય. ચિંતા પ્રવર્તે

**કર્ક (ડ.હ.) :-** તમારા વિચારોને સાકાર કરવાનો સમય આવી ગયો છે. તમારી મહેનત ખીલી ઉઠે ને બપોરથી આર્થિકસ વળતર મેળવો.

**સિંહ (મ.ટ.) :-** તમારી તબિયતમાં ધીરે ધીરે સુધારો થાય. બપોરથી કાર્યક્ષેત્રે નિયમિતતા જળવાય ને કાર્ય પૂરા કરવામાં વ્યસ્ત રહો.

**કન્યા (પ.ઠ.ણ.) :-** તમારી તબિયતને કારણે આરામ કરવો પડે. રોજિંદા રૂટિન કાર્ય અટકી જાય. બપોરથી ભાગ્ય સાથ ન આપે તેવું લાગે.

**તુલા (ર.ત.) :-** તમારા કાર્યક્ષેત્રે બધુ બરાબર ચાલતુ હોય. બપોરથી ખોટા વિવાદોમાં ફસાઈ જતાં માનહાનિનો પ્રસંગ ઉદ્ભવે.

**વૃશ્ચિક (ન.ય.) :-** તમે શિસ્તના આગ્રહી હોવાથી કાર્ય વ્યવસ્થિત પુરા થાય. ઓળખાણને કારણે કાર્યમાં ફાયદાવાળા ઓર્ડરો મેવળો.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** તમારા વર્તુળમાંથી તમારી બાદબાકી થઇ જાય. કાર્યક્ષેત્રે ભવિષ્યનું આયોજન બનાવો. સફળ રહો.

**મકર (ખ.જ.) :-** તમે કાર્યનાં બોજા હેઠળ દબાયેલા હોય બપોરથી મહત્વના કાર્યો અધુરા રહેતા પીછેહઠ કરવી પડે.

**કુંભ (ગ.શ.સ.) :-** તમારા રૂટિન કાર્યમાં અલગથી કમાણી થાય. શારીરિક માનસિક અસ્વસ્થતા રહેતા ઉદ્વેગ પ્રવર્તે

**મીન (દ.ચ.ઝ.) :-** તમારા મનની અસ્થિરતાને કારણે કામકાજ ગુમાવો, બપોરથી આત્મવિશ્વાસ કેળવો. યોગ્ય નિર્ણય લઇ આગળ વધો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૬/૦૫/૨૦૨૦, મંગળવાર, જેઠ સુદ-૪
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૨૩, જૈન નવકારશી-૭-૫૩,
આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્ર: આર્દ્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | **- શુભ ચોઘડીયા -**<br>અભિજીત-૧૨-૧૭થી ૧૩-૧૧ સુધી,૯-૨૪ થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૪ સુધી, ૧૬-૦૪થી શુભ-૧૭-૪૪ સુધી, ૨૦-૪૪ થી લાભ-૨૨-૦૪ સુધી, ૨૩-૨૪થી શુભ-અમૃત-ચલ-૨૭-૨૪ સુધી<br>**- શુભ હોરા-**<br>૮-૧૮થી ૧૧-૩૮ સુધી, ૧૨-૪૪થી ૧૩-૫૧ સુધી, ૧૬-૦૪થી ૧૯-૨૩ સુધી, ૨૦-૧૭થી ૨૧-૧૦ |

# એમસીએક્સે કોમોડિટીઝમાં નકારાત્મક ભાવે ટ્રેડિંગ થઈ શકે તે માટે સોફ્ટવેરમાં કર્યા સુધારા

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર સોમવારના રોજ ઈદ નિમિત્તે પ્રથમ સત્રનું ટ્રેડિંગ બંધ રહ્યું હતું, જ્યારે બીજા સત્રનું ટ્રેડિંગ રાબેતા મુજબ ચાલુ રહ્યું હતું. દરમિયાન, એમસીએક્સે ટ્રેડરોની સિસ્ટમમાં કોમોડિટીઝના નકારાત્મક ભાવો અથવા તો માઈનસમાં ભાવ પ્રાપ્ત કરી શકાય અને તે ભાવે ટ્રેડ કરી શકાય તે માટે સોફ્ટવેરમાં આવશ્યક સુધારા કર્યા છે, એવું એક પરિપત્ર મારફત જણાવ્યું છે.

એક્સચેન્જે જણાવ્યા મુજબ એમસીએક્સ એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ (એપીઆઈ) આવૃત્તિ ૧૭.૭, ૨૦ મે, ૨૦૨૦ (નોન-એફઆઈએક્સ) અને એફઆઈએક્સ એપીઆઈ આવૃત્તિ ૧૭.૬, ૨૦ મે, ૨૦૨૦ની સુધારિત આવૃત્તિ સિસ્ટમમાં નકારાત્મક ભાવ પ્રાપ્ત કરી શકાય અને તે ભાવે ટ્રેડ કરી શકાય તે માટે રિલીઝ કરી છે. આ એપીઆઈને એમ્પેનલ્ડ વેન્ડર અને સભ્યોના ડેવલપીંગ સોફ્ટવેર ઈન-હાઉસને પૂરું પાડવામાં આવ્યું છે. એમ્પેનલ્ડ વેન્ડર્સ બ્રોકર્સને તેમના ડીલરો અને ગ્રાહકોના ઓર્ડર પ્રાપ્ત કરવા સક્ષમ બનાવે તેવા કહેવાતા કોમ્પ્યુટર ટુ કોમ્પ્યુટર લિન્ક (સીટીસીએલ)ની સુવિધા અથવા ફ્રન્ટ એન્ડ ટ્રેડિંગ ટેક્નોલોજી પૂરી પાડે છે. ત્યારબાદ તેને ટ્રેડર વર્કસ્ટેશન દ્વારા એક્સચેન્જના સર્વર પર મોકલવામાં આવે છે.આ ઘટકોએ રિયલ ટાઈમ નકારાત્મક ભાવ પંચિંગની સુવિધા પ્રદાન કરતાં પહેલાં તેમની સિસ્ટમ્સમાં એપીઆઈનો સમાવેશ કરવો પડશે, એક્સચેન્જ દ્વારા ઓડિટ અને સર્ટિફાઈડ કરાવવું પડશે અને સામૂહિક રીતે મોક ટ્રેડિંગ સત્રોનું આયોજન કરવું પડશે.

એક્સચેન્જે વધુમાં જણાવ્યું હતું કે વાયદા બજારના નિયામક સેબી દ્વારા મંજૂરી પ્રાપ્ત થયા બાદ મોક ટ્રેડિંગનું આયોજન કરવામાં આવશે અને ત્યાર બાદ સોફ્ટવેરમાં આ સુધારાથી એમસીએક્સના બ્રોકરો ક્રૂડ તેલ અને અન્ય કોમોડિટીઝ માટે રૂ.૧થી નીચે અથવા તો નકારાત્મક (માઈનસ) ભાવે ટ્રેડ કરવા માટે સક્ષમ બનશે. એમસીએક્સે સોફ્ટવેર અપડેટ કરી દીધુ છે, પરંતુ તેને અમલી બનાવવામાં હજુ સમય લાગશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત મહિને આંતરરાષ્ટ્રીય બજારમાં અમેરિકાના ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ (નાયમેક્સ) પર ડબલ્યૂટીઆઈ ક્રૂડ તેલનો એપ્રિલ વાયદો બેરલદીઠ ૩૭.૬૭ ડોલર માઈનસમાં બંધ થયો હતો, જેના પગલે એમસીએક્સે કોન્ટ્રેક્ટના ધારાધોરણો મુજબ એપ્રિલ કોન્ટ્રેક્ટની પાકતી તારીખનો ભાવ બેરલદીઠ ઝીરોથી નીચે રૂ.૨,૮૮૪ માઈનસમાં નક્કી કરવો પડ્યો હતો. ક્રૂડ તેલના એપ્રિલ કોન્ટ્રેક્ટની નકારાત્મક પતાવટ પછી, ઘણા રોકાણકારોને ભારે નુકસાન થયું હતું અને મોટા દલાલોએ ક્રૂડ તેલમાં વેપાર પણ બંધ કરી દીધા હતા, જ્યારે કેટલાકે ક્રૂડ ઓઈલના વાયદાના માર્જિનમાં નોંધપાત્ર વધારો કરીને વેપાર ચાલુ રાખ્યા હતા. આ નકારાત્મક ભાવની પતાવટના આ વિવાદે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું અને બ્રોકરો આ મામલે હાઈકોર્ટમાં ગયા હતા. જોકે, વડી અદાલતોએ બ્રોકરોને રાહત આપી ન હતી. આ પ્રકારનો મામલો ભવિષ્યમાં ન સર્જાય તે માટે બાદમાં એક્સચેન્જે વૈકલ્પિક સુવિધા ઉપલબ્ધ બનાવી હતી. એમસીએક્સે તેના ૧૧ મેના પરિપત્રમાં જણાવ્યા મુજબ કોઈપણ ટ્રેડિંગ દિવસે જો ક્રૂડ તેલના કોન્ટ્રેક્ટનો ભાવ ટ્રેડિંગ સિસ્ટમમાં સૌથી નીચા ભાવે (એટલે કે રૂ.૧) ફ્રીઝ થઈ જાય અને છેલ્લી ૧૫ મિનિટ (હાલમાં રાત્રે ૧૧.૧૫થી ૧૧.૩૦ વાગ્યાનો છે) દરમિયાન તે જ સ્તરે રહે તો અને સંબંધિત આંતરરાષ્ટ્રીય સંદર્ભિત કોન્ટ્રેક્ટમાં નકારાત્મક ભાવે ટ્રેડિંગ થઈ રહ્યું હોય, ત્યારે એક્સચેન્જ વધારાની સુવિધા પૂરી પાડશે. આ સુવિધા અંતર્ગત, વેપારઓને તેમની ઓપન પોઝીશનોને બંધ કરવા અથવા સ્કેવર ઓફ કરવાની સુવિધા પૂરી પાડવા માટે એક અલગ ઓક્શન સત્ર હાથ ધરવામાં આવશે. પરંતુ આ સુવિધા કોન્ટ્રેક્ટની સમાપ્તિના દિવસે ઉપલબ્ધ થશે નહીં, તેમ પરિપત્રમાં વધુમાં જણાવ્યું હતું.

# જડમુળથી જીવનશૈલી બદલીને વૈશ્વિક મહામારી કોરોનાથી બચવાનો કારગત ઈલાજ

કોરોના ના કહેર સામે સતા સંપતિ દવાઓ બધુ નિરર્થક સાબિત થયુ ત્યારે જીવનસુરક્ષા કવચ માટે જુન જુલાઈ મહિના સુધી બધાએ કોરોના ચેપ જનજાગૃતિ સાથે જીવન જીવવામાં જડમુળથી ફેરફાર કરવો પડશે શકે એટલે જાતે સ્વસુરક્ષા કરવી પડશે, કોરોનાનો કોઈ ઈલાજ નથી, પણ કોરોનાથી અચુક બચી શકાય છે,

ફકત લોકડાઉન, સેનેટાઈઝેશન, માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સથી કોરોના સામે રક્ષણ મેળવવુ મુશ્કેલ છે, ભારતના તાપમાન અને જનસમુદાયોના આહાર વિહાર પ્રમાણે કોરોના કોવીડ વાયરસ ધીરેધીરે ફેલાતો જાય છે,

શરીરની બહાર ચીપકી જતો વાયરસ શરીરમાં પ્રવેશી ગયા પછી શરીરમાં પ્રજનન કરીને આખા શરીરમાં પુરતી સંખ્યામાં ફેલાય પછી તેનો ચેપ હોવાની બહાર જાણ થાય છે આવા સંજોગોમાં કરોડો લોકોને રક્ષણ અને સારવાર આપવી શકય નથી,

ભારતમાં ભેળસેળયૂકત, તેલવાળા, ચીકણા ખાદ્ય પદાર્થો અને પ્લાસ્ટિક તેમજ અન્ય અસ્વસ્થતા વધુ છે, તેથી હાલ મોટા શહેરોમાં પ્રસરતો વાયરસ શરીરમાં હોય તો પણ જાણ થતી નથી,

શરીર અંદર કોરોના વાયરસ હોય તો તેને શરીરની અંદરથી બહાર કાઢવો દરેક નાગરીકની વ્યક્તિગત જવાબદારી છે એટલે શરીરને અંદરથી સાફ કરી નાખવાની જરૂર છે.કોરોનાથી બચવા પેટના આંતરડા એકદમ ચોખ્ખા કરવા પડશે, ગળાનો કફ કાઢવો પડશે અને શરીરને ખુબ કસરત આપવી પડશે

જીવનશૈલી સંદતર જડમુળથી બદલવી પડશે, રાતે ૮-૯ વાગે ઉંઘી જવુ અને વહેલા સવારે ૩-૪ વાગે ઉઠી જવુ, સવારે ૬-૭ થી ૩-૪ વાગ્યા સુધી ધંધો રોજગાર નોકરી કરવી, દિવસનુ કામકાજ સવારે ૬ થી શરૂ કરવું પડશે,

બધા શરીરો બેકટેરિયાના જૈવિક રસાયણોથી ચાલે છે શરીરનો ખોરાક પણ બેકટેરિયા આધારિત છે સૌથી વધુ બેકટેરિયા અને વાયરસ પાચન અને શ્વસન તંત્રમાં હોય છે જેના આધારે વિવિધ રસાયણો અને તત્વોની ઉત્પતિ થતી રહે છે જે શરીરને વિટામિન્સ, પ્રોટીન્સ, ફાયબર, સ્ટાર્ચ, હેમોગ્લોબીન, ખનીજ અને ઓકસાઈડો પુરા પાડે છે

એક શરીરથી બીજા શરીર ઉપર ચેપ કરતી, રોગ કરતી સાંકળ તોડવા અને શરીરથી શરીરને દુર રાખીને વાયરસને આગળ વધતો અટકાવવા માટે છે લોકડાઉન વધુ ચાલે નહી, ખેતી, ધંધો, ઉદ્યોગ, વેપાર, નોકરીથી ઉત્પાર્જન ચાલુ રાખવુ પડે એટલા માટે દરેક વ્યક્તિ કાળજી રાખે અને શરીરની અંદરથી સુરક્ષા કરે તે જરુરી છે,

શરીરમાં રહેલા લોહીમાં રોગપ્રતિકારક શકિતઓ રહેલી છે શરીરમાં લોહીનું પરીભ્રમણ પુરેપુરુ થાય તો વધુ રોગપ્રતિકારક શકિત મળશે એ માટે શરીરને પુરતી કસરત અને ખોરાકનું નિયમન ફરજીયાત કરવુ પડશે, શરીરને શ્રમ આપીને શરીરની ચરબી અને નસોમાં ભરાયેલા વાઈરસ બેકટેરિયા કાઢતા રહેવા પડશે,

શરીરમાં સૌથી વધુ વાયરસો અને બેકટેરિયા આંતરડા, ફેફસા અને ગળામાં થતાં હોય છે જેથી વાયરલ ઈન્ફેક્શનથી બચવા સૌથી પહેલા આંતરડાનો ખોરાક અને મળ સાફ કરી આંતરડા ચોખ્ખા-સાફ કરવા ફરજીયાત બને છે આંતરડાઓ સાફ કરવા ઉપવાસ કરવા, ગરમ હુંફાળુ પાણી પીવુ,, ત્રિફળા, ગરમાળો પીવો, મીઠાં વાળુ ગરમ પાણી પીવુ, વગેરે જેવા પરંપરાગત ઉપચારો છે

મીઠું એવું તત્વ છે જેમાં બેકટેરિયા અને વાયરસ રહી શકતા નથી, કોઈપણ ચીજો ખાધા કે પીધા પછી તરત મીઠાથી દાંત અને પેઢા સાફ કરવા, અને કોગળા કરવા ફરજીયાત બનશે.

ફટકડીવાળા પાણીમાં બેકટેરિયા થતા નથી તેમજ મીઠામાં થતા નથી, મીઠા વાળા પાણીમાં કપડા ધોવા, પોતા કરવા, વાસણો ધોવાથી બેકટેરિયા અને વાયરસથી બચી શકાય છે,આંતરડામાં મળ અને ખોરાક ભરાય ના રહે તે માટે દિવસમાં બે વાર શરીરના એક એક સાંધાઓના સ્નાયુઓ છુટા પડે તે રીતે ધીમી કસરતો કરતા રહેવું મહત્વનું છે

શરીરમાં કોરોના વાયરસને પ્રજનન કરવાની સગવડ મળશે નહી તેથી લાળ, કફ, મળ એકઠો થાય નહી અથવા કફ અને મળ ભરાય નહી તે માટે વધુ બેકટેરિયા ઉત્પન્ન કરતો ખોરાક સંદતર બંધ કરી ખોરાકમાં થોડો ઘટાડો કરવો પડશે

દુધ, દહીં, માખણ, મેંદાની ચીજો, તળેલી વાનગીઓ જેવી કે વેફર, ભજીયા, ગાઠીયા, પુરી, સમોસા,ચા, કોફી, લસ્સી, ચીજ, માખણ, દુધની મીઠાઈઓ, જેવી બીજી તમામ વાનગીઓથી આંતરડા અને જઠરમાં બનતી ચીકાશ અને કફ બનતા હાલ થોડો સમય પ્રતિબંધિત કરવી પડશે,

ખોરાકમાં કઠોળ, દાળ, શાકભાજી, મકાઈ, જુવાર, બાજરો, ઘંઉ, ચોખાનો વપરાશ કરવો, એકદમ સાદુ ભોજન લેવાનું રહેશે, તળેલુ કોઈપણ ખાવુ એકદમ જોખમી છે,

બ્રેડ, પીઝા, પાસ્તા, પાણીપુરી, પકોડા, વગેરે મેંદાથી બનેલી બધી ચીજો લાંબા સમય માટે બંધ કરવી પડશે,

શરીરના આંતરડા ચોખ્ખા રાખવા માટે કપાલભાતી પ્રાણાયામ,

ગળાને સાફ રાખવા ઉજયી પ્રાણાયામ કરવા,

ફેફસાને સાફ કરવા ભસ્તિકા પ્રાણાયામ દિવસમાં બે વાર સવાર સાંજ કરવા જોઈએ

સમયની ઘડીયાળ બદલવી પડશે, રાતે મોડામાં મોડું ૯ વાગે ઉંઘી જવું અને વહેલા ૩-૪ વાગે ઉઠીને કસરત કરવી, પ્રાણાયામ કરવા, ઘરકામ કરવા, વ્યવસાય અને કામધંધાનો. નોકરીનો સમય સવારે ૭ થી શરૂ કરવો પડશે, પ્રકૃતીચક્ર બદલી ગયુ છે એના કારણે શરીરને પ્રકૃતીચકક સાથે સંતુલન કરવું પડશે, ખોરાક એકદમ સાદો અને કુદરતી ખોરાક લેવો પડશે,

ગળામાં થતો કફ વાયરલ ચેપ માટે ખુબ ઘાતક બને છે ગળાના કફમાં કોરોના વાયરસ અને બેકટેરિયા કાઢવા હળદર અને ગોળની ગોળીઓ બનાવી ખાવાની રહેશે,

ચા કોફી અને બીજા સરબતો કે ઠંડાપીણાઓ બંધ કરીને ગોળનું સરબત, લવીંગના ભુકા સાથે આદુ અથવા સુંઠનો ઉકાળો બધાએ અપનાવવો પડશે,

શરીરના બહારના કોઈપણ ભાગ, ચામડી, કપડાં, ચીજ વસ્તુઓ ઉપર જાણતા અજાણતા અદ્રશ્ય રીતે ચોંટેલા વાયરસ દેખાતા નથી પણ ધીરે ધીરે શરીરમાં પ્રવેશી જાય છે કોરોના વાયરસ શરીરના કફ, લાળ, મળ, આંતરડા, ફેફસામાં પ્રજનન એટલે કે વૃદ્ધિ કરે છે બીજા ગાળાના ૨૦-૨૨ દિવસ વાયરસ શરીરમાં ફેલાય છે તેમજ ઉચ્છશ્વાસ દ્વારા બીજા શરીરમાં જાય છે

ઘરની, કે બીજી ચીજવસ્તુઓ ઉપરથી વાયરસ દુર કરવા ઘરમાં બધે મીઠાં વાળા ગરમ પાણી, અથવા ફટકડી વાળા પાણી અથવા તાજા ગૌમુત્રનો ઉપયોગ કરવો પડશે,

કોરોના વાયરસ શરીરના શ્વસન તંત્ર અને રૂધિરાભિસરણ તંત્ર ઉપર સંક્રમણ કરીને શરીરની કામગીરીઓ ખોરવી નાખે છે

જેમ જેમ ચેપ ફેલાતો જશે એમ અંધાધુધી વધે એવી દહેશત છે, તેથી સમાચારો અને સોશિયલ મીડિયાનો ઉપયોગ માનસિક ભય, હતાશા, ઉશ્કેરાટ વધારશે જેથી સોશિયલ મીડીયાનો વપરાશ ટાળવો પડશે,

દેશ દુનિયામાં બધા કોરોના સામે લાચાર બની ગયા છે એટલે સરકાર, ધર્મ, કે બીજા કોઈપણ મદદરૂપ બનશે નહી દરેકે પોતાની મદદ પોતે કરવાની છે,રાજ પ્રજાપતિ પત્રકાર. ગાંધીનગર દ્વારા



ચાણસ્મા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બ્રાહ્મણવાડા હસ્તકના ઈટોદા, છમીછા, બ્રાહ્મણવાડા ગામે મેડીકલ ઓફિસર શ્રી ડૉ વિક્રમ સોલંકી ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય, પંચાયત તેમજ ગામના જાગૃત આગેવાનો ના સહયોગથી સરપંચ તેમજ પંચાયતના સભ્યો તેમજ ગામના જાગૃત આગેવાનો સાથે મળી ગામમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના વ્યાપાર સાથે સંકળાયેલા અને કેટલીક જગ્યાઓએ સુપર સ્પ્રેડર તરીકે બહાર આવેલ કરિયાણાના દુકાનદાર, શાકભાજી વેચનાર, મિનરલ પાણીના પ્લાન્ટ ચલાવનાર, અન્ય દુકાનદારો સાથે તેમજ દૂધ મંડળી સંચાલક સાથે ખાસ ચર્ચા કરવામાં આવી જેમાં તમામ સેવાઓ પુનઃ કાર્યરત કરતાં રાખવાની થતી વિશેષ તકેદારીઓ બાબતે સમજ આપવામાં આવી જેમાં ખાસ કરી દુકાનદાર દ્વારા તેમજ ગ્રાહકો દ્વારા

૧ .એકબીજાથી સલામત અંતર જાળવવા બાબતે તેમજ

૨.દરેક વ્યક્તિએ પોતાના મોં અને નાક આગળ રૂમાલ કે માસ્ક રાખવા બાબતેભારપૂર્વક જણાવવામાં આવ્યું.

૩.ઘરે પરત ફરતાં સૌપ્રથમ પોતાના હાથ-પગ અને મ્હો સાબુ પાણીથી ધોઈ ને જ ઘર માં જવાનો આગ્રહ રાખવા જણાવવામાં આવ્યું..વધુમાં ગામલોકોએ પણ આ બાબતે સહકાર આપવા અપીલ કરવામાં આવી..

# ગુજરાત અને મહારાષ્ટ્રમાં જૂનની શરૂઆતમાં ભારે વરસાદની સંભાવના

ગાંધીનગર,તા.૨૫

દેશમાં કોરોનાની આફત વચ્ચે કુદરતી કહેર પણ ચાલુ જ છે. ગુજરાતમાં ૩ જૂનની આસપાસ જોરદાર વરસાદ પડવાની આગાહી છે. સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગને પરિણામે કુદરતી ઉથલપાથલ ચાલુ જ છે. ભારતમાં વાવાઝોડાનું નામ લોકોના મોઢે સુકાયું નથી ત્યાં બીજું નવું વાવાઝોડું તૈયાર થઈ રહ્યું છે. ૧૩ મેના રોજ હવામાન વિભાગે અમ્ફાન વાવાઝોડાની આગાહી આપી હતી. આ વાવાઝોડાએ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં તબાહી બોલાવી દીધી છે. તે વચ્ચે હવે ગુજરાત માટે માઠા સમાચાર લઈને આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ ગુજરાતના અરબી સમુદ્રમાં એક નવી સાઈક્લોન પેટર્ન બની રહી છે. જે તૈયાર થતાં ગુજરાત સહિતના વિસ્તારમાં મુશ્કેલી પેદા કરી શકે છે. આ સિસ્ટમ હજુ તૈયાર થઈ રહી છે. પરંતુ જો અને તો વચ્ચે અટકેલી છે. જો આ સિસ્ટમ ભારતીય દરિયા કિનારાની વધુ નજીકથી પસાર થશે તો ચોમાસુ ડિસ્ટર્બ કરી શકે છે. આ સાઈક્લોન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ૩ જૂન આસપાસ અસર કરશે. ચક્રવાત જૂનના પ્રથમ અઠવાડિયા દરમિયાન કોઈ પણ સમયે પશ્ચિમ ભારતના ભાગોને ધમરોળી શકે છે. આવનારા સમયમાં અરબી સમુદ્રમાં દક્ષિણ પૂર્વીય સાઈક્લોનિક પેટર્ન મુજબ લો પ્રેશર સર્જાતા ડિપ્રેશનમાં ફેરવાઈને ૩ જૂન આસપાસ ગુજરાત અને મહારાષ્ટ્રના કાંઠા વિસ્તાર વચ્ચે અથડાતા જૂનની શરૂઆતમાં ભારે વરસાદ પડી શકે છે. અને ચોમાસુ ભેજને ખેંચી જતાં ચોમાસું મોડું બેસવાની શક્યતાને પણ નકારી શકાય નહીં. ગયા વર્ષે વાયુ વાવાઝાડોએ ગુજરાતમાં ચોમાસું મોડું બેઠું હતું.

# S.R.P. જવાન એક ઢાલ છે

કારણ કે તમે જુવો કોય એવી જગ્યા નહી હોય કે ત્યાં S.R.P. નો જવાન ફરજ નો બજાવતો હોય

૧- પોલીસ ભવન હોય કે રાજભવન પણ ત્યાં સતત કર્મનિષ્ઠા થી ફરજ બજાવે S.R.P.જવાન

૨-જેલવિભાગ હોય કે છ.ઝ.મ. ત્યાં ફરજ બજાવે S.R.P.જવાન

૩- મેળા નો માહોલ હોય કે પસી કોરોના નો કહેર સતત પોઈન્ટ પર હાજર મળતા S.R.P.જવાન

૪-કમાન્ડો ની જરૂર હોય તો એ કમાન્ડો છે S.R.P. ના જવાનો

૫- પોલીસ ખાતા મા ડીસીપ્લીન સાથે તાલીમ આપતા A.D.I. સાહેબ છે S.R.P.જવાન

૬-ધર્મ ના સ્થાન ને ૨૪ કલાક સુરક્ષા આપતા છે S.R.P.જવાન

૭-કોમીનલ પોઈન્ટ પર કોમીએકતા જાળવવા ૨૪ કલાક તંબુ ને પોતાનુ ધર બનાવી ને ફરજ બજાવે એ છે S.R.P. જવાન

૮-રિલાયન્સ હોય કે એસ્સાર એવી મોટી કંપની ની સુરક્ષા મા હોય S.R.P. જવાન

૯-મધ્યદરીયે હોય કે પસી હોય ગીરનાર ની ગોદ ત્યાં પણ ૨૪ કલાક ફરજ બજાવતા હોય એ છે S.R P.જવાન

૧૦-સોમનાથ હોય કે પસી દ્વારકા અને હોય અંબાજી કે અક્ષરધામ આ ધર્મ ના સ્થાન ની ૨૪ કલાક સુરક્ષા કરે એ S.R.P.જવાન

૧૧- ચેકપોસ્ટ હોય કે હોય શહેર ના ચોક આ બધે જ ૨૪ કલાક પોઈન્ટ પર સતત એલર્ટ એ S.R.P.જવાન

૧૨-રાષ્ટ્રતહેવાર મા પરેડ હોય કે પસી બાઈક સ્ટંટ આ અથાગ મહેનત કરી રાષ્ટ્રીય તહેવાર ઉજવતા છે S.R.P.જવાન

૧૩-હોય સ્ટેસ્યુ કે પસી હોય સરદારસરોવર સતત ૨૪ કલાક સુરક્ષા કરતા છે એ S.R.P.જવાન

૧૪- કુટુંબ અને પરીવાર થી દુર રહી ને ફરજ બજાવતા છે આ S.R.P. જવાન

૧૫-પુત્ર બિમાર પિતા બિમાર કે અન્ય પરીવાર ના સભ્યો બિમાર હોય તમે તમારી નોકરી કરી ને જેતે જગ્યા પર નવરાજ છો તો પણ તમે તમારા પરીવાર ના દુઃખ મા સાથ નથી આપી શકતા એ છે આ S.R.P.જવાન આપ અને આપના પરિવાર સુરક્ષિત દેવાધિદેવ મહાદેવ હદય પુર્વક ની હાર્દિક શુભકામના જય રામનાથ

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલઃ જીજ્ઞા કપુરિયાં

ન્યૂઝ ઓફ ગાધીનગર વિભાગ સુભાષિતો
"વા ફરે વાદળ ફરે,
ફરે નદીના પૂર, શૂરા બોલ્યા ના ફરે, ચાહે પશ્ચિમ ઉગે સૂર્ય "

ઉપરોક્ત સુભાષિતમાં વચનની કિંમત દર્શાવી છે. કવિ કહે છે કે હવાનો રુખ...દિશા બદલાઈ શકે છે, પણ જે શૂરવીર છે એ પોતાની દિશા લક્ષ્ય પર અટલ રહે છે. એ દિશા બદલતો નથી. એમ આપણે જોઈએ છીએ કે વાદળો પણ એક જગ્યાએ થી બીજી જગ્યાએ ફરતઃ હોય છે.. વીર મનુષ્ય લાલચ કે લોભ થી પોતાનું સ્થાન કયારેય બદલતો નથી.એ પરિસ્થિતિ ને આધિન નથી હોતો, પરિસ્થિતિ નું નિર્માણ કરે છે. નદીઓ વહેણની દિશામાં વહેતી રહે છે, ઉપર નીચે, સ્થળ પ્રમાણે વહેણ બદલે છે. શૂરવીર માનવ અડગ અટલ રહે છે. એ એક વચની હોય છે. કોઈ પણ વચન આપ્યા પછી ફરી જતા નથી.કદાચ સૂર્ય પશ્ચિમ માં ઉગે તો પણ. સૂર્ય પશ્ચિમ માં ઉગે એ શક્યા છે જ નહીં,, પણ અહીં શૂરવીરના બોલની અડગતા દર્શાવી છે. એ દ્રઢ વચન પાલક હોય છે.
કલ્પના ત્રિવેદી... સુરેન્દ્રનગર

-----------------------------------------

સુભાષિત -
વા ફરે વાદળ ફરે,
ફરે નદીનાં પૂર,
શૂરા બોલ્યા નવ ફરે,
ભલે પશ્ચિમ ઊગે સૂર

આ સુભાષિતમાં શુરવીર પોતાની વાણી પર ,વચન પર ને કહેણ પર અડગ હોય છે.એની વાત કરેલ છે.

વા એટલે વાયુ ,હવા - જે નિરંતર પૃથ્વી ઉપર વાવાઝોડા ને હવા રૂપે એક દિશામાંથી દશે દિશામાં વહે છે. વાદળ હવા, પાણી અને રજકણોથી બનેલો સમૂહ છે. જે આકાશમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ હવાને કારણે સ્થાન બદલે છે . નદીનાં પૂર પણ પ્રવાહ જાય તે દિશામાં ને જગ્યાએ જાય છે. આમ હવા,વાદળ ને નદીના સ્થાન નક્કી નથી હોતાં.

જ્યારે શૂરવીરો પોતાના વચન પર કાયમ તેનું પાલન કરે છે. ભલે પછી સુરજ પૂર્વ દિશામાં ઊગવાને બદલે પશ્ચિમ દિશામાં ઊગે. ઈશ્વાકુવંશના દશરથરાજાએ કૈકેયીને આપેલા બે વચનોનું પાલન કર્યું હતું.એ જ રીતે મહાભારતના યુદ્ધમાં ભીમે દ્રૌપદીને આપેલ વચન પુરું કરે છે. શ્રી કૃષ્ણભગવાન શિશુપાલને સો ભૂલ પછી મારશે એવું વચન તેની માતાને વચન આપેલ ,જે શિશુપાલની સો ભૂલ પછી શ્રી કૃષ્ણભગવાન શિશુપાલને મારે છે. ડો.સુભાષચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજીએ વિવિધ સુત્રો -વચનો આપી પોતે પાલન કરેલ હતું.

આવા અનેક દાખલાઓ વીરોની વીરતા ,ત્યાગ અને બલિદાન છે..... 'મન'
મનોજકુમાર પંચાલ.....પાલનપુર.

-----------------------------------------

વિભાગ : સુભાષિત
વા ફરે વાદળ ફરે,
ફરે નદીનાં પૂર
સૂરા બોલ્યા નવ ફરે
ભલે પશ્ચિમ ઊગે સૂર

પ્રસ્તુત સુભાષિતમાં શૂરવીર એનાં બોલ, વચન પર અડગ રહે છે એની વાત કરવામાં આવી છે.આજે સંસારનું અવળું ચિત્ર જોઈને કોઈપણ માણસની શ્રધ્ધા ડગી જાય પરંતુ શૂરવીર સત્યને, પોતાની ટેકને છોડતો નથી.જીવનમાં અનેક મુશ્કેલીઓ આવે પણ શૂરવીર માણસ પ્રાણના ભોગે પણ પોતાનું વચન નિભાવે છે.

પ્રકૃતિ તો પરિવર્તનશીલ છે.વા એટલે કે વાયુ,પવન જે નિરંતર એની દિશા બદલતો રહે છે.વાદળા કે જે ગગનમાં વિહરતાં રહે છે.એવી જ રીતે નદીનાં પૂર પણ પોતાનો પ્રવાહ બદલી શકે છે.કદાચિત સૂરજ પૂર્વને બદલે પશ્ચિમમાં ઊગી શકે પરંતુ શૂરવીર માણસનાં મુખેથી નીકળેલા વેણ અફર રહે છે.

આપણાં ઈતિહાસમાં ને રામાયણ ને મહાભારતમાં એવાં ઘણાં ઉદાહરણ જોવા મળે છે કે જેઓ ખૂબ જ કષ્ટ વેઠીને પણ પોતાનાં આપેલ બોલનું પાલન કરે છે.રાજા દશરથ, હરિશ્ચંદ્ર, ભીષ્મપિતામહ.....ને રામ કે જે પિતાના વચન કાજે રાજગાદી છોડીને વનવાસ જાય છે.તેથી જ કહે છે ને, " રઘુકુળ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાયે અરુ વચન ન જાઈ".....
-- ડો.રેખા શાહ

-----------------------------------------

સુભાષિત
"વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર,
શૂરા બોલ્યા નવ ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર"

પ્રસ્તુત સુભાષિત દ્વારા ખરા શૂરા માત્ર બાહુબળથી જ નહીં પણ સાથે જ જભાનના એટલે કે પોતે આપેલાં વેણના(કોલનાં) પણ પાક્કા હોય; એ વાતને વાયુ, નદીના વ્હેણ તથા સૂર્યોદયની દિશાના ઉદાહરણ સાથે સુંદર રીતે વણી લેવામાં આવી છે.

વા ફરે - વાયુ એટલે કે પવન - એ પણ ખૂબ પ્રબળ છે, પરંતુ તેનો વેગ અને દિશા નિશ્ચિત નથી, એ ક્યારેય પણ બદલાઈ શકે. તે જ રીતે નદીના પૂર - તેના વહેણ બદલી નાખે છે, કોઈ એક જ દિશામાં એક સરખા પ્રવાહ સાથે નથી વહેતી. આ સાથે જ એક અતિશયોક્તિ લખી છે કે - 'ભલે પશ્ચિમ ઉગે સૂર' અર્થાત જે ક્યારેય ન બને એવી ઘટના દ્વારા અહીં ભારપૂર્વક કહ્યુ છે કે સૂરજ ભલે એકવાર તેના ઉદ્ગમની દિશા ફેરવી નાખે પરંતુ શૂરા બોલ્યા ક્યારેય ન ફરે. આવા શૂરા માટેની ઉકિત વાંચતા જ મહાન રાજા બલીરાયની શુરવિરતાનો પરિચય કરાવતો એક પ્રસંગ યાદ આવે છે.

દૈત્યોના રાજા બલીરાયે પોતાની શૂરવીરતાથી ત્રણેય લોકનુ રાજ્ય મેળવ્યું હતું. આ શાસન કાયમ રહે એ માટે ગુરુ શુક્રાચાર્યના કહેવા પ્રમાણે અશ્વમેઘ યજ્ઞ કરવાનુ નક્કી કર્યું. ૯૯ અશ્વમેઘ યજ્ઞ પૂર્ણ થયા. "મારે આંગણે જે કોઈ આવે તે ખાલી ન જાય" એવી પ્રતિજ્ઞા સાથે સો(૧૦૦)મો યજ્ઞ શરુ કર્યો. એવામા વિષ્ણુ ભગવાન વામન સ્વરૂપ ધારણ કરી ત્યા આવી પહોંચ્યા. વામને પોતાના ત્રણ પગલાં જેટલી જમીન બલીરાજા પાસે માગી. પોતાના વચન અનુસાર રાજાએ હા-ભણી કે તરત વામન વિરાટ થયા! એક પગલામાં ધરતી, બીજે આકાશ લીધુ! રાજાને પૂછ્યું કે હવે ત્રીજો પગ ક્યા મુકે? આ સાથે જ બલીરાજા નતમસ્તક થયા, પોતાનુ વેણ એળે ન જાય એ માટે એમણે પોતાનુ મસ્તક ધર્યું. વામન ભગવાને બલીરાજાના મસ્તક પર પગ મૂકતાં જ તે પાતાળલોકમાં જતા રહ્યા! આ છે ખરા શૂરા અને એમની મહાનતા!

આવા કેટલાય શૂરવીરોની ગાથા આપણા રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યોમા અંકાયેલી છે.
વૈશાલી જે મહેતા

-----------------------------------------

વિભાગઃ સુભાષિત
વા ફરે વાદળ ફરે,
ફરે નદીનાં પૂર,
શૂરા બોલ્યા નવ ફરે,
ભલે પશ્ચિમ
ઊગે સૂર.

અર્થ : પવન, વાદળ, નદી દરેક સમય આવ્યે પોતાના સ્થાન બદલે છે,પરંતુ શૂરવીર ક્યારેય પણ વચનફેર કરતો નથી.ભલે પછી સૂરજ પણ પશ્ચિમમાં કેમ ન ઊગે.

વિસ્તાર : આ સુભાષિતમાં શૂરવીર (લડવૈયા)નું અને તેણે લીધેલ અણનમ પ્રતિજ્ઞાનું મહત્વ દર્શાવ્યું છે.

એકવાર વેગવંતો પવન પણ પોતાની ગતિ ધીમી કરે અને દિશા બદલી નાખે. વાદળ કે જે વરસાદ માટેનો આધાર છે તે પણ જગ્યા બદલીને વરસાદ પડવાની દિશા જ બદલી નાખે. નદી કે જે આપણી 'લોકમાતા' કહેવાય છે જેના થકી કેટકેટલા કામ પાર પાડી શકીએ છીએ, તે નદી પણ ક્યારેક સૂકાઈ જાય અથવા તો વહેણની દિશા જ બદલી નાખે,પરંતુ એક લડવૈયો, એક શૂરવીર ક્યારેય પણ લીધેલી પ્રતિજ્ઞા અને આપેલા વચનોથી ફરતો નથી.શૂરવીરના જીવનની મહામૂલી સંપત્તિ જ તેના કહેલા વચનો છે. આવા કેટલાય શૂરવીર ભારતની ભૂમિ ઉપર જન્મ લઈ ચૂક્યા અને ભારત ભૂમિને ધન્ય કરી દીધી.મહારાણા પ્રતાપ,ભીષ્મ પિતામહ,ભીમ,ધ્રુવ જેવા કેટલાય લડવૈયા આજે પણ આપણા હ્રદયમાં છે,તેમની નિભાવેલ એક અણનમ પ્રતિજ્ઞાને કારણે. ભગવાન રામે સાબિત કર્યું કે, "રઘુકુળ રીત સદાકાળ ચાલશે,પ્રાણ જશે પણ આપેલ વચન નહીં તૂટે."

ભલે એકવાર સૂરજ તેની ઉગમણી અને આથમણી દિશા બદલે, પણ શૂરવીર તેના કહેણને ખોટું સાબિત નહીં થવા દે.

"શૂરવીર" નો 'સૂર' પણ 'વીરતા' ભરેલ હોય છે.
મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ

-----------------------------------------

વિભાગઃ સુભાષિત
વા ફરે વાદળ ફરે,
ફરે નદીનાં પૂર,
શૂરા બોલ્યા નવ ફરે,
ભલે પશ્ચિમ
ઊગે સૂર.

અર્થ : પવન પોતાની દિશા બદલાવી દે છે, નદીઓ પણ પોતાના પ્રવાહની દિશા બદલાવી દે છે, પરંતુ શૂરવીર લોકો ગમેતેવી મૂશ્કેલીઓ આવે છતા પોતાના વચન પર હંમેશાં તટસ્થ રહે છે

વિસ્તાર : આ સુભાષિતમાં આપેલા વચન મુજબના વર્તન પર તટસ્થ રહેવાની વાત કરીને આપેવા વચનને પાળી બતાવવાનો મહિમા વર્ણવવામાં આવ્યો છે.

આ સુભાષિતમા કહેવામાં આવ્યું છે કે હવા પોતાના દબાણને અનુરૂપ પોતાની દિશા બદલતી રહે છે . તે ક્યારેય એક જ દિશામાં સતત વાયા કરતી નથી. સાથે સાથે નદીનું ઉદાહરણ આપતા સમજાવાયું છે કે સમય અને સંજોગ પ્રમાણે નદીનો પ્રવાહ પણ પોતાની દિશા બદલતો જોઈ શકાય છે. પરંતુ શૂરવીર વ્યક્તિ કોઈપણ સમપ અને સંજોગો સામે પણ પોતાના વિચારો અને વચનો પર અડીખમ ઊભાં રહે છે. આવા શૂરા પોતાના વચનને પાળવા ખાતર જીવનુ જોખમ પણ ખેડી જાણી, પોતાનું નામ અને વચનનું જગતના ટોડલે અમર તોરણ લટકાવી જાય છે.

આમ, આ સુભાષિત દ્વારા શૂરાની વચન પર અડગ રહેવાની ખુમારીને વર્ણવામાં આવી છે.
મેહુલ ત્રિવેદી..... ખેરાળી

-----------------------------------------

વિભાગ - સુભાષિત
વા ફરે વાદળ ફરે,
ફરે નદીનાં પૂર,
શૂરા બોલ્યાં નવ ફરે
ભલે પશ્ચિમ ઊગે સૂર.

પ્રસ્તુત પંક્તિમાં કવિ બોલાયેલા શબ્દોની કિંમત કેટલી હોય છે અને બોલાયેલા શબ્દોને સત્યમાં ફેરવવું એ અંગે સમજાવે છે.

આ પંક્તિ દ્વારા કવિ કહે છે... પવન પોતાની દિશા બદલે છે. ક્યારેક તે આ દિશાએ હોય તો ક્યારેક પેલી દિશાએ, તેમજ વાદળ પોતાની ગતિ દ્વારા આગળ પાછળ એમ દિશા બદલે છે, નદીમાં આવતાં પૂર પણ પોતાની દિશા અવિરતપણે જાળવી રાખતાં નથી. પૂર પણ પોતાની દિશા સતત બદલ્યા જ કરે છે.

પરંતુ સાચો શૂરવીર ક્યારેય પોતાના બોલાયેલાં શબ્દો કે વચનથી મોં નથી ફેરવી લેતો, પછી ભલેને તેના માટે પોતાનો જીવ પણ દાવ પર લગાવવો પડે!(સૂર્ય ભલે પ્રશ્ચિમમાં ઉગે)

કોઈ વ્યક્તિએ પોતાના વચનમાં કે બોલાયેલાં શબ્દોમાંથી છટકી જવું જોઈએ નહીં. જો કોઈ એમ કરે તો એ સાચો શૂરવીર ગણાતો નથી, એ કાયરની નિશાની ગણાય છે.

આપણા સમાજમાં આ સુભાષિતને પુરવાર સાબિત કરવા માટે ઘણા દાખલાઓ છે. જેમકે દાનેશ્વરી કર્ણ કે જે ક્યારેય પોતાના વચનથી પાછો નથી પડ્યો. એકવાર તેને આંગણે કોઈ આવીને વસ્તુ માંગે તો એ તરત જ પોતાનું વચન નિભાવવા તત્પર દાન આપી જ દેતો.

ભીષ્મ પિતામહ કે જે વચન આપી ક્યારેય પાછા નથી પડ્યા... વચને બંધાયેલ તે કોઈપણ આકરી પરિસ્થિતિમાં પોતાનું વચન નિભાવી બેસતાં.

શ્રી રામ કે જે પોતાના પિતાના વચને ચૌદ ચૌદ વર્ષ સુધી રાજપાટ છોડીને વનવાસ ભોગવવા માટે ગયા... તે શા માટે? પોતાના પિતાના વચનને સત્ય સાબિત કરવા માટે.

આવા તો ઘણાં ઉદાહરણો છે આપણા સમાજમાં કે જેમાં વચન અને બોલાયેલાં શબ્દોને સત્ય બનાવવામાં માટે લોકો પોતાની જાન પણ જોખમે મૂકે છે. એના માટે એક પ્રચલિત કહેવત છે જ... "પ્રાણ જાય પણ વચન ન જાય"

અને ખરેખર વચન એટલે આપણા મુખેથી સરી પડેલા શબ્દો... કહેવાય છે ને કે બાણમાંથી નીકળેલ તીર અને મુખમાંથી નીકળેલા શબ્દો ક્યારેય પાછા ફરતાં નથી.
મીરા પટેલ

## ડોમેસ્ટિક વિમાની સેવા, રેલવે કે બસ દ્વારા આંતરરાજ્ય મુસાફરી કરતા

# કોરોનાના કોઈ જ લક્ષણો નહીં ધરાવતા પ્રવાસીઓ સીધા જ ઘરે જઈ શકશે

ઘરેલુ વિમાની સેવા, ટ્રેન કે બસ દ્વારા આંતરરાજ્ય મુસાફરી કરતા જે પ્રવાસીઓમાં કોરોનાના કોઈ જ લક્ષણો નહીં હોય તેવા પેસેન્જરો સીધા જ પોતાના ઘરે જઈ શકશે, પરંતુ આવા આંતરરાજ્ય મુસાફરોએ ૧૪ દિવસ સુધી પોતાના લક્ષણોનું સ્વનિરીક્ષણ કરવું જરુરી રહેશે. એ દરમિયાન જો કોરોનાના કોઈ લક્ષણો દેખાય તો તેમણે તાત્કાલિક જિલ્લા સર્વેલન્સ ઓફિસરને જાણ કરવાની રહેશે. અથવા તો રાજ્ય કે રાષ્ટ્રની હેલ્પલાઇન ૧૦૪ કે ૧૦૭૫ પર સંપર્ક કરવાનો રહેશે.

ભારત સરકારના આરોગ્ય વિભાગે બહાર પાડેલી માર્ગદર્શિકાને ટાંકીને રાજયના આરોગ્ય અગ્રસચિવ ડૉ. શ્રીમતી જયંતી રવિએ આ અંગે જણાવ્યું હતું કે, કોઈ પેસેન્જર સિમ્પ્ટોમેટિક જણાશે તો તેમને તરત જ આઈસોલેટ કરીને નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવશે અને તરત જ વધુ તપાસણી હાથ ધરવામાં આવશે.

જે પેસેન્જર્સને સામાન્ય અથવા તો ગંભીર સિમ્પ્ટમ્સ દેખાશે તેમને સઘન સારવાર માટે કોવિડ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવશે. જે પેસેન્જરોને હળવા સિમ્પ્ટમ્સ જણાશે તેમને હોમ આઈસોલેશન અથવા તો કોવિડ કેર સેન્ટરમાં આઈસોલેશનનો વિકલ્પ આપવામાં આવશે. સરકારી કે ખાનગી ક્વૉરેન્ટાઈન પદ્ધીંઝસ્ઈ ના પ્રોટોકોલ મુજબઆગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે .આઈસોલેશનના સમયગાળા દરમિયાન આવા પેસેન્જરો જો પોઝિટિવ જણાશે તો તેમને ક્લિનિકલ પ્રોટોકોલ મુજબ કોવિડ કેર સેન્ટરમાં રાખવામાં આવશે.ડૉ. શ્રીમતી જયંતી રવિએ જણાવ્યું હતું કે, તમામ એરપોર્ટ, રેલવે સ્ટેશન અને બસ ટર્મિનલ્સ ઉપર અને ફ્લાઈટમાં, ટ્રેનમાં અને બસમાં કોવિડ-૧૯ સંદર્ભે અને સાવચેતીનાં પગલાં માટે જરૂરી એનાઉન્સમેન્ટ સતત કરવામાં આવશે. તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ દરેક પેસેન્જર્સ નું બોર્ડિંગ પહેલાં ફરજિયાત થર્મલ સ્ક્રિનિંગ કરવાનું રહેશે. એસિમ્પ્ટોમેટિક પેસેન્જર્સને જ માત્ર ફ્લાઈટસ, ટ્રેન કે બસમાં મુસાફરી કરવાની પરવાનગી આપવામાં આવશે.બૉર્ડિંગ વખતે અને મુસાફરી દરમિયાન દરેક પેસેન્જરે માસ્ક પહેરવાનો રહેશે અને આરોગ્યના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે. દરેક એરપોર્ટ, રેલ્વે સ્ટેશન કે બસ ટર્મિનસ પર સોશિયલ ડિસ્ટન્સનું ચુસ્ત પાલન થાય તેની તકેદારી રાખવાની રહેશે. એરપોર્ટ્સ, રેલવે સ્ટેશન અને બસ ટર્મિનલને નિયમિત રીતે સેનિટાઇઝ કરવાના રહેશે. તથા જરૂરી સાબુ તથા સેનિટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે. તમામ પેસેન્જરો માટે વિમાની મથક, રેલ્વે સ્ટેશન કે બસડેપોની બહાર નીકળતા સમયે થર્મલ સ્ક્રિનિંગની વ્યવસ્થા કરવાની રહેશે.

વિમાન, ટ્રેન કે બસ મારફતે આંતરરાજ્ય પ્રવાસ કરતા મુસાફરો માટેની ખાસ માર્ગદર્શિકામાં જણાવાયું છે કે, પ્રવાસીઓને જે તે એજન્સી દ્વારા યાત્રા ટિકીટની સાથે જ શું કરવું અને શું ન કરવું તે અંગેની વિગતો પૂરી પાડવામાં આવશે. દરેક પેસેન્જરે આરોગ્ય સેતુ મોબાઈલ એપ ફરજિયાત પણે ડાઉનલોડ કરવાની રહેશે.

## બાબરા તાલુકાના

# વાંડળીયા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ૯ ઈસમોને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.ટીમ

અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબ નાઓએ જીલ્લામાંથી જુગારની બદીને દુર કરવા અને જુગાર રમતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડો કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે ગઇ કાલ તા.૨૪/૦૫/૨૦૨૦ ના રોજ બાબરા તાલુકાના વાંડળીયા ગામની સીમમાં બાવળ વાળી વાડી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ નાથાભાઇ અમરાભાઇ વાળાની વાડીએ શેઢા પાસે ખુલ્લામા કેટલાક ઇસમો જાહેરમા તીનપત્તીનો પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમે છે તેવી ચોક્કસ બાતમી આધારે અમરેલી એલ.સી.બી. ઇન?ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી નાઓની રાહબરી નીચે એલ.સી.બી.ટીમે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા ૯ ઈસમો રોકડ રકમ અને જુગારના સાહિત્ય, મોબાઇલ ફોન, વાહનો સાથે પકડાઇ ગયેલ હોય, આરોપીઓએ જુગાર રમવા ઉપરાંત બિનજરૂરી ઘરની બહાર નીકળી, સોશ્યલ ડીસ્ટન્સ નહી જાળવી, માસ્ક નહીં પહેરી, જાહેરનામાનો ભંગ કરેલ હોય, જે તમામ સામે જુગારધારા મુજબ તેમજ જાહેર આરોગ્ય અંગે અમલમાં રહેલ વિવિધ જાહેરનામાના ભંગ બદલ ધોરણસર કાર્યવાહી કરી બાબરા પોલીસ સ?ટેશન માં સોંપી આપેલ છે.



પકડાયેલ આરોપીઓઃ- ૧ સંજયભાઇ ડુંગરભાઇ કાનાણી, ઉ.વ.૪૨, રહે.હાલ-જુના પીપરીયા, તા.જસદણ, જિ.રાજકોટ.

૨ દિનેશભાઇ રવજીભાઇ પટેલ, ઉ.વ.૫૦ રહે.હાલ-મોણપુર તા.જી.અમરેલી .

૩ શૈલેષભાઇ વાલજીભાઇ સાકરીયા, ઉ.વ.૩૮, રહે.હાલ-ઇંગોરાળા તા.બાબરા.

૪ જગદીશભાઇ મનુભાઇ પાનસરીયા, ઉ.વ.૩૮, રહે.વાંડળીયા, તા.બાબરા.

૫ વાઘાભાઇ કરશનભાઇ ખુંટ, ઉ.વ.૫૮, રહે.વાંડળીયા, તા.બાબરા

૬ રણુભાઇ ખોડાભાઇ ગીડા, ઉ.વ.૫૦, રહે.જુના પીપળીયા, તા.જસદણ, જિ.રાજકોટ.

૭ વિક્રમભાઇ દેવચંદભાઇ જીયાણી, ઉ.વ.૪૦, રહે.હાલ-વાંડળીયા, તા.બાબરા.

૮ ઉનડભાઇ લખુભાઇ બસીયા, ઉ.વ.૫૪, રહે.નોંધણવદર, તા.બાબરા

૯ નાથાભાઇ અમરાભાઇ વાળા, ઉ.વ.૬૫, રહે.વાંડળીયા, તા.બાબરા

પકડાયેલ મુદ્દામાલઃ- રોકડા રૂ.૩૫,૧૭૦/- તથા ગંજી પત્તાના પાના નંગ-૫૨, કિં.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૦૯ જેની કી.રૂ.૨૨,૫૦૦/- તથા મો.સા.નંગ-૦૪, કિં.રૂ.૧,૨૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧,૭૭,૬૭૦/- નો મુદ્દામાલ

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી. અમરેલીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી અને એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.રિપોર્ટર....... ભરતભાઈ ખુમાણ અમરેલી

# કોરોના કેર વચ્ચે ધમણ-૧ પર ઘમાસાણ યથાવત, કૉંગ્રેસ લેશે સિવિલ હૉસ્પિટલની મુલાકાત

અમદાવાદ,તા.૨૫

રાજ્યમાં કોરોના કહેર વચ્ચે ધમણ- ૧ વેન્ટિલર પર ઘમાસાણ બંધ થવાનું નામ નથી લેતું. કૉંગ્રેસ પક્ષ ધમણ મુદ્દે રાજ્યની રૂપાણી સરકારને ઘેરવાનો એક પણ મોકો છોડવા માંગતી નથી. કૉંગ્રેસે ધમણ-૧ વેન્ટિલરની કાર્યક્ષમતા પર સવાલ ઉઠાવ્યા છે. તેમજ કોઇ એક કંપનીને ફાયદો કરવા માટે સરકાર લોકોના જીવન સાથે રમત રમી રહી હોવાનો પણ ગંભીર આરોપ કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ લગાવ્યો છે. સરકાર તરફથી પણ ધમણ મુદ્દે સ્પષ્ટતા કરી દેવામાં આવી છે, તેમ છતાં ફરી એકવાર ધમણ- ૧ વેન્ટિલરનું ભૂત ધૂણ્યું છે. આ મામલે તારીખ ૨૫ અને ૨૬ મેના દિવસે દરેક જિલ્લામાં કૉંગ્રેસનું પ્રતિનિધિ મંડળ સિવિલ હૉસ્પિટલની મુલાકાત લેશે.

બીજી તરફ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પણ ધમણ પર ટ્વિટ કરતા સરકાર પર નિશાન તાક્યું છે. ગુજરાત બચાવો અભિયાનના હેજ ટેક સાથે વિપક્ષ નેતા પરેશ ધાનાણી લખ્યું છે કે....×દાન ધમણનું, મળી ધમણી×

×કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે ગરીબ ગુજરાતને અંદાજીત એક હજાર જેટલા ×ધમણ-૧× પૂરા પાડવા માટે.., 'જ્યોતિ સીએનસી'ને 'ધન-દાન' કરનારા 'નિયો-રાજકોટ ફાઉન્ડેશન' તથા તમામ દાતાઓને અંતરથી અભિનંદન પાઠવું છું!× ઈગુજરાત◦બચાવો◦અભિયાન. નોંધનીય છે કે કોરોના વાયરસના મહામારીમાં કૉંગ્રેસ પક્ષને સરકાર સામે લડવા માટે એક મુખ્ય મુદ્દો મળી ગયો છે.

### કોરોના મહામારી જંગ સામે લડવા

# ચાણસ્માના બ્રાહ્મણ પરિવારના દીકરા વ્યાસ તેજસભાઈ દ્વારા ટનલ બનાવવામાં આવી




આજરોજ તારીખ ૨૪ ૫ ૨૦૨૦ ના રોજ સવારે૧૦:૦૦ વાગે ચાણસ્મા સરદાર ચોકમાં સનેટાઈઝર ટનલ મૂકવામાં આવી આ ટનલ નુ ઉદ્ઘાટન ચાણસ્માના પી.આઈ શ્રી ગોહિલ સાહેબ ના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ સમયે ચાણસ્મા નગરપાલિકાના સેનેટરી ઓફિસર રાજેશભાઈ પટેલ, નગરપાલિકાના કોર્પોરેટર શ્રી વિષ્ણુભાઈ પટેલ ઉર્ફે ભગત ભાઈ, ચાણસ્મા કરિયાણા ના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, વ્યાપારી એસોસિયેશનના પ્રમુખ શ્રી રમણભાઈ પટેલ, વેપારી એસોસિયેશનના મંત્રી શ્રી દિલીપ ભાઈ સુખડિયા તેમજ વ્યાપારી એસોસિએશનના ખજાનચી શ્રી ચેતનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા

કરિયાણાના એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં કોરોના મહામારી થી રક્ષણ મળે તે માટે ચાણસ્માના બ્રાહ્મણ પરિવારના દીકરા તેજસભાઈ વ્યાસ દ્વારા સેનેટાઈઝર ટનલ આજરોજ સરદાર ચોકમાં મૂકવામાં આવી હતી ત્યારબાદ ચાણસ્મા ની જનતા ને કોરોના સામે રક્ષણ મળે તે માટે સાત દિવસ ચાણસ્માના વિવિધ વિસ્તારોમાં પોતાના સ્વખર્ચે ટનલ મુકવામાં આવશે જેથી સમગ્ર ગામ ની જનતા સનેટાઈઝર થવાથી કોરોના મહામારી જેવી બીમારી સામે રક્ષણ મળે છે

ગામમાં જો ચાર સ્થળ ઉપર આવી ટનલ મૂકવામાં આવે તો ગામના લોકોને ઘણો ફાયદો થાય તેમ છે

અહેવાલ નિખિલ જોષી ચાણસ્મા.

### શ્રી ગુજરાતી સેવા મંડળ સિકંદરાબાદ મારફત નહિ નફો નહિ નુકસાનના ધોરણે

# હૈદરાબાદ સિકંદરાબાદ માં ફસાયેલ ગુજરાતીઓ ને તેમના માદરે વતન પહોંચાડવા બસની વ્યવસ્થા કરી



કોરોના વાયરસ ફેલાવો અટકાવવા માટે તાત્કાલિક ધોરણે અમલમાં આવનાર સરકારશ્રીના લોકડાઉનના આદેશથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થવાના કારણે અનેક લોકો જ્યાં હતા ત્યાં ફસાઈ ગયા અંગેની હકીકતથી સૌ વાકેફ છીએ.

આમ ફસાયેલા લોકો ને તેમના ઘર ગુજરાત પહોંચાડવા, એ સ્થાનિક ગુજરાતી સમાજની નૈતિક ફરજ છે, એવો સુવિચાર શ્રી ગુજરાતી સેવા મંડળ સિકંદરાબાદ ના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ પટેલને આવતા તેમણે તાત્કાલિક ધોરણે સેક્રેટરી શ્રી જનકભાઈ બ્રહ્મભટ્ટ, ટ્રસ્ટી શ્રી જશભાઈ પટેલ, ટ્રેઝરર શ્રી નરેન્દ્રભાઈ કોટક અને શ્રી કુંદન ભાઈ પટેલ વિગેરે સાથે ચર્ચા વિચારણા ને અંતે એવો નિર્ણય કર્યો કે, અહીયા ફસાયેલ લોકોને ×નહિ નફો નહિ નુકશાન×ના ધોરણે બસોની વ્યવસ્થા કરી ગુજરાત પહોંચડવા.

આ રીતે લોક ડાઉન પરિસ્થિતિમાં , સરકારશ્રીના નિયમોને આધિન રહી હૈદરાબાદ અને સિકંદરાબાદ માં ફસાઈ ગયેલા આ ગુજરાતી પરિવારના ભાઈઓ અને બહેનો તેમના વતનમાં પહોચાડવા મદદરૂપ થવાના હેતુથી શ્રી ગુજરાતી સેવા મંડળ ના ટ્રસ્ટી સેકેટરી શ્રી જશભાઈ પટેલ (GSM-hJ), સેક્રેટરીશ્રી જનકભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી કુંદન ભાઈ પટેલ અને શ્રી નરેન્દ્રભાઈ કોટકના સાથ સહકારથી લક્ઝરી બસોનું આયોજન કરવામાં આવ્યું છે.શ્રી ગુજરાતી સેવા મંડળ સિકંદરાબાદ મારફત ×નહિ નફો નહિ નુકસાન×ના ધોરણે હૈદરાબાદ સિકંદરાબાદ માં ફસાયેલ ગુજરાતીઓ ને તેમના માદરે વતન સુરત,વડોદરા, અમદાવાદ અને રાજકોટ વિગેરે સ્થળે પહોંચાડવા વ્યવસ્થા કરવા નક્કી થયેલ . જેમાં ફસાયેલ વ્યક્તિએ પોતાનું ગુજરાતનું આધારકાર્ડ રજૂ કરવાનું રહે છે. જે આધારે શ્રી ગુજરાતી સેવા મંડળના સેક્રેટરી શ્રીના આદેશ અનુસાર શ્રી ઘનશ્યામ પરીખ અને શ્રીમતિ શીતલબેન શાહ દ્વારા લીસ્ટ બનાવી પોલીસ પરવાનગી વિગેરે યોગ્ય કાર્યવાહી કરવાની તજવીજ કરી, એ પરવાનગી આધારે દરેક પ્રવાસીને બસ ઉપાડવાના સમય સ્થળ વિગેરેની જાણ કરે છે.

બસ ઉપાડતા પહેલા ટ્રસ્ટી સેક્રેટરી શ્રી જશભાઈ પટેલ, સેક્રેટરીશ્રી જનકભાઈ બ્રહ્મભટ્ટ, જો. સેક્રેટરી શ્રી કુંદનભાઈ પટેલ, ખજાનચી શ્રી નરેન્દ્રભાઈ કોટક, શ્રી વિષ્ણુ ભાઈ પટેલ, વિગેરે દ્વારા બસનું સ્વચ્છતા બાબત ચેકીંગ કરવામાં આવે છે, સરકારશ્રી ના આદેશનુસાર સોશીયલ ડિસ્ટન્સ પૂરેપૂરું જળવાય તે હેતુથી પ્રવાસીની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.દરેક પ્રવાસીની સાંજના ભોજનની વ્યવસ્થા પણ નિશુલ્ક કરવામાં આવે છે. આ અહેવાલ લખાય છે ત્યાં સુધીમાં પ્રવાસીઓ સાથે ચૌદ લક્ઝરી બસો ગુજરાત જવા માટે રવાના થઈ ગઈ છે. પ્રત્યેક બસ વિદાય થાય ત્યારથી નિર્ધારિત સ્થળે પહોંચે ત્યાં સુધી બસ ક્યાં ક્યાં પહોંચી તે અંગેના લોકેશનની તપાસ કરી પ્રવાસીઓના પ્રવાસમાં કોઈ અડચણ કે મુશ્કેલી નથી તેની ફોન અને મેસેજ દ્વારા વારંવાર તપાસ પણ કરવામાં આવે છે જયારથી લોક ડાઉન ચાલુ થયું ત્યારથી આજપર્યંત શ્રી જશભાઈ પટેલે સ્કૂલ બિલ્ડિંગમાં જ દિવસ રાત સતત સેવામાં રહે છે. તેમની તથા તેમની ટીમના આ સેવાના પ્રસંશનીય કાર્ય માટે હૈદરાબાદ સિકંદરાબાદ અને અન્ય ગુજરાતના શહેરોમાંથી અભિનંદન અને શુભેચ્છા સંદેશનો વરસાદ અવિરત ચાલુ જ છે.ઉપરોક્ત તમામ કાર્યની સફળતા અંગે શ્રી જશભાઈ પટેલ તેમના સાથી મિત્રો શ્રી જનકભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી નરેન્દ્રભાઈ કોટક, શ્રી કુંદન ભાઈ પટેલ અને અન્ય કર્મચારી ગણના દિવસ રાતના પરિશ્રમ અને સાથ સહકાર બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.અહેવાલ : તરુણ મહેતા. હૈદરાબાદ.

### મ્યુનિસિપાલીટી કમિશ્નરશ્રી ગાંધીનગરે કલેકટરશ્રી જુનાગઢને

# ફરજ મોકુફ પ્રમુખનું રાજીનામું મંજુર કરી પ્રમુખ પદની ચુંટણી યોજવા કાર્યવાહી કરવા જણાવ્યુ

કલેકટરશ્રી જુનાગઢને ઉદેશીને લખાયેલ કમિશ્નરશ્રી મ્યુનિ. એડ. ગાંધીનગરના તા.૧૩/૫/૨૦૨૦ના પત્રની વિગતે ફરજ મોકુફી હેઠળ રહેલા માણાવદર નગરપાલિકા ના પ્રમુખ નિર્મળસિંહ ચુડાસમાએ તા.૨૦/૧/૨૦૨૦ થી પ્રમુખ પદેથી રાજીનામું આપેલ છે. તે રાજીનામું મંજુર કરી પ્રમુખ પદની ખાલી પડેલ જગ્યા ભરવા માટે પ્રમુખ પદની ચુંટણી યોજવાની સતા અને જવાબદારી કલેકટરશ્રીની હતી. પરંતુ કલેકટરશ્રીએ રાજીનામું સ્વીકારેલ નહીં અને પ્રમુખ પદની ચુંટણી યોજવા કાર્યવાહી કરેલ નહી અને રાજીનામું મળ્યા બાદ ૨૧ દિવસ પછી તા.૧૦/૨/૨૦૨૦ના પત્રાથી કમિશ્નરશ્રીને ગુ.ન.પા.અધિ.ની ક.૪૦(૨) હેઠળ ચુંટણી યોજવા કાર્યવાહી કરવા બિન જરૂરી પત્ર વ્યવહાર કરેલ તે પત્ર અન્વયે કમિશ્નરશ્રીએ છેક ત્રણ મહીના બાદ તા.૧૩/૫/૨૦૨૦ના પત્રાથી કલેકટરશ્રીને ફરજ મોકુફ પ્રમુખનું રાજીનામું મંજુર કરવા અને પ્રમુખ પદની ખાલી જગ્યા ભરવા ચુંટણી કરવા જણાવેલ છે. પ્રમુખે રાજીનામું આપ્યા બાદ ચાર મહીનાથી વધુ સમય વિતી જવા છતાં કલેકટરશ્રીએ બિન જરૂરી પત્ર વ્યવહાર કરી પ્રમુખ પદની ચુંટણી ટાળેલ છે. તે કારણે પ્રમુખનો ચાર્જ ઉપ પ્રમુખ પાસે રહેવા પામેલ છે.

કલેકટરશ્રીને પ્રમુખનું રાજીનામું ૨૦/૧/૨૦૨૦ નાં રોજ મળી ગયેલ હોવા છતાં અને પ્રમુખની ચાલુ ટર્મની બાકી મુદત સાત મહીના છે એવું જાણતા હોવા છતાં પ્રમુખના રાજીનામાનો અસ્વીકાર કરી, પ્રમુખ પદની ચુંટણી જાહેર નહી કરી, બિન જરૂરી પત્ર વ્યવહાર કરી ચાર મહીના પસાર કરેલ છે.

હવે કમિશ્નરશ્રીએ તા.૧૩/૫/૨૦૨૦ના પત્રથી ફરજ મોકુફ પ્રમુખનું રાજીનામું મંજુર કરી, પ્રમુખ પદની ચુંટણી યોજવા કલેકટરશ્રી જુનાગઢને કહ્યું છે અને હાલ લોકડાઉન ચાલુ છે ત્યારે કલેકટરશ્રી કાયદાનુસાર યોગ્ય નિર્ણય કરે તે જરૂરી છે.

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

# ઈદ ના પવિત્ર દિવસે મુસ્લિમ પરિવાર ને મદદરૂપ બનતા અતુલભાઈ દિક્ષિત

કોરોનાની મહામારી ભયંકર સ્વરુપ લઈ રહી છે રોજે રોજ નવા નવા કેસો આવતા જ જાય છે સતત લોક ડાઉંન ના કારણે કેટલાય પરિવાર ને બે ટંક નું જમવાનું પણ મળતું નથી આવાં સમયે ઈદ નો તહેવાર આવેલો છે.

પરબડા ગામના એક મુસ્લિમ પરિવાર કે જે છૂટક મજુરી કરી પોતના પરિવાર નું ગુજરાન ચલાવતા હતા ઘર ની સ્ત્રી લોકો ના ઘરે ઘર કામ કરતી.તેની નાની બેબી હવે લોક ડાઉંન ના સમય મા તમામ મજુર કામ બંધ થતાં ઈદ ના પવિત્ર દિવસે ઘર માં ખાવાનું કૈજ ન હતું નહી. ભાજપ ના પુર્વ મહામંત્રી અને સ્કાઉટ ના જીલ્લા ચિફ કમિશનર અતુલભાઈ દિક્ષિત ને સમાચાર મળતા જ તેમણે પરિવાર ના ઘરે જઈને નાની બેબી માટે કપડા ઘર ની સ્ત્રી માટે કપડાં તેમજ ઘઊ,ચોખા અને કરિયાણાની મદદ કરી આ મુસ્લિમ પરિવાર ને ઈદ નો ત્યોહાર આનદ મય બનાવ્યો હતો. અતુલભાઇ દિક્ષિતે સંસ્કાર ગુર્જરી ટ્રસ્ટ દ્વારા વિવિધ પ્રકારના સેવાકીય કાર્ય કરી રહ્યા છે જયારે તે ભાજપ ના સંગઠન મંત્રી હતા ત્યારે પણ સામાજ ના વિવિધ વર્ગોનું ધ્યાન રાખી સેવાકીય પ્રવૃતિઓ કરતા રહ્યા છે તેમનાં આ પ્રસંનિય કાર્ય ને સમાજના બધાજ વર્ગોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે સદર મુસ્લિમ બેન સ્કાઉટ મા રેન્જર હતા

### ભાડુઆત મહિલા ઘરમાં હતી બહારથી તાળું મારી દીધું

# મોડાસામાં રમઝાન ઈદના દિવસે મુસ્લિમ ઘર માલિકના પૌત્રોએ માનવતા નેવે મૂકી

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાઈરસને લઈને હાલ લોકડાઉન-૪ ચાલી રહ્યું છે ત્યારે જરૂરિયાતમંદ, અને મધ્યમવર્ગીય પરિવારોની હાલત કફોડી બની છે મોડાસાની સહારા સોસાયટીમાં ભાડુઆત તરીકે રહેતી મહિલા અને તેના પરિવારની રમઝાન ઈદની ઉજવણીની ખુશી ઘર માલિકના બે પૌત્રએ છીનવી લીધી હતી ભાડુઆત મહિલા અને તેનો પરિવાર ઘરમાં રસોઈ બનાવતો હતો અને મકાન માલિકના પૌત્રોએ ભાડાની ઉઘરાણી કરી બહારથી તાળું મારી દેતા આજુબાજુથી સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા અને લોકફાળો કરી ભાડું આપવા છતાં પૌત્રો દાદાગીરી કરી રૂપિયા રોડ પર ફેંકી દઈ બે દિવસમાં મકાન ખાલી કરવાની ધમકી આપતા હોબાળો થતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી ભાડુઆતને ઘરમાંથી છુટકારો કરાવ્યો હતો ભાડુઆત અને મકાન માલિકે અંદર અંદર સમાધાન કરી લેતા મામલો થાળે પડ્યો હતો . મોડાસાના લઘુમતી સમાજના અગ્રણીના સહારા સોસાયટીમાં આવેલા મકાનમાં દોઢ વર્ષથી ભાડે



રહેતી મહિલા અને તેનો પરિવાર લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં એક મહિનાનું ભાડું ચુકવવામાં થોડું મોડું થતા મુસ્લિમ અગ્રણીના પૌત્રોએ દાદાગીરી કરી મહિલા અને તેનો પરિવાર ઘરમાં રસોઈ બનાવી રહ્યો હતો ત્યારે તાત્કાલિક ઘર ખાલી કરવાનું જણાવતા મહિલા અને તેના પરિવારે આજીજી કરવા છતાં એક હજાર રૂપિયા માટે ઘર માલિકના પૌત્રોએ માનવતા નેવે મૂકી પવિત્ર રમઝાન ઈદના દિવસે સંવેદનહીન બની ઘરને બહારથી લોક મારી દેતા મહિલા અને તેના પરિવાર ઘરમાં પુરાઈ ગયો હતો મકાનમાલિકના પૌત્રોની દાદાગીરી અને મકાનને લોક મારી દેવાની ઘટનાને પગલે પાડોશીઓ દોડી આવ્યા હતા અને લોકફાળો કરી રૂપિયા આપવા છતાં રૂપિયા રોડ પર ફેંકી દઈ ભાડુઆતને ધમકાવતા હોબાળો થતા ઘરમાલિકના પૌત્રોએ ભાડુઆતને ઘરમાં પુરી દીધા હોવાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ઘરમાં બંધ ભાડુઆત મહિલા અને તેના પરિવારનો છુટકારો થયો હતો મકાન માલિક અને ભાડુઆતે અંદર-અંદર સમાધાન કરી લેતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી થાળે પડ્યો હતો . મુસ્લિમ અગ્રણીના પૌત્રોની ભાડુઆત મહિલા સાથે કરેલ દાદાગીરી અને ઘરમાં પુરી દઈ લોક મારી દેતા મુસ્લિમ અગ્રણીની સમાજમાં અને મોડાસા નગરમાં ભારે થું-થું થઇ હતી

### સાવરકુંડલા રોડ પર આવેલ ગુજકોમાસોલ પાસેના શ્રમિક આવાસ રહેતા લોકોને

# હોમિયોપેથીક આર્સેનિક ૩૦ ડોઝ તેમજ માસ્ક નુ ઘરે-ઘરે વિતરણ કરવામાં આવ્યું



રાષ્ટ્રીય અધ્યક્ષા ઉષાબેન પટેલ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ભરતભાઈ ખુમાણ ગુજરાતપ્રદેશ ઉપાધ્યક્ષ ધીરુભાઈ વાળા જિલ્લા પ્રમુખ હેમંતભાઈ ત્રિવેદી ના સૂચના અને માર્ગદર્શન અન્વયે સતત બીજા દિવસે પણ અમરેલી માં આવેલ સાવરકુંડલા રોડ પર આવેલ ગુજકોમસોલ પાસે ના શ્રમિક આવાસ માં રહેતા લોકો વચ્ચે જઈ નેરાષ્ટ્ર શક્તિ એકતાં મંચ તેમજ આયુર્વેદિક દવાખાના અમરેલી ના સંયુક્ત ઉપક્રમે શ્રમિક વિસ્તાર માં રૂબરૂમાં ડોર ટુ ડોર મુલાકાત લઈ આવા પરિવારોને ને માસ્ક તેમજ હોમિયોપેથીક દવા નું વિતરણ કરવામાં આવ્યું આ તકે હોમિયોપેથીક મેડિકલ ઓફિસર અમરેલી શ્રી ડોક્ટર હીમાંશુભાઈ વાજા સાહેબની ખાસ ઉપસ્થિતટી રહીહતી અને તેઓશ્રી દ્વારા કોરોના વાયરસ સંબંધે શુ તકેદારી રાખવી તેની વિસ્તૃત સમજ આપવામાં આવેલ તેમજ રાર્ષ્ટ્ર શક્તિ એકતા મન્ચ ના અમરેલી જિલ્લા ના કાર્યકર્તાઓ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સીઝ અને મોઢાપર માસ્ક બાંધવા સંબંધે કા સમજણ આપેલ.

આ સમગ્ર આયોજનને સફળતા પૂર્વક પાર પાડવા અને કોરોના ૧૯ના સન્ક્રર્મણ થી બચવા અને માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી ને સમર્થન પુરુ પાડતા કાર્યક્રમમાં અમરેલી જિલ્લા રાર્ષ્ટ્ર શક્તિ એકતા મન્ચ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ધીરુભાઈ વાળા ઉપ.પ્રમુખ દિલાભાઈ વાળા મહિલા ઉપ.પ્રમુખ નિકિતાબેન મહેતા, જિલ્લા મંત્રી અજય પંડ્યા ,તાલુકા ઉપ પ્રમુખ સોનલબેન નથવાણી , રાર્ષ્ટ્ર શક્તિ એકતા મન્ચના તાલુકા ના હોદ્દેદારો શ્રી વિપુલભાઈ બાવીશી , , વિજયભાઈ ચોટલીયા,કિશોરભાઈ નકરાણી સદસ્ય શ્રી એરિકાબેન વાળા ,પાયલબેન ધાનાણી,કમલેશભાઈ સોલંકી,વિગેરે હાજર રહી કામગીરી કરેલી.સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવેલ ને આગામી દિવસો માં અમરેલી સિટી ના વિવિધ વિસ્તારો ને પણ આવરી લેવામાં આવનાર છે.તેમ જિલ્લા મંત્રી શ્રી અજય પંડ્યા ની અખબારી યાદી માં જણાવેલ છે..

રિપોર્ટર.... ભરતભાઈ ખુમાણ અમરેલી (રાજુલા )

# ગાંધીનગરના ડી.ડી.ઓ. રાવલની બેનમૂન કામગીરી




ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે પણ તેમાં મોટો ફાળો ગાંધીનગરથી અપ-ડાઉન કરનારા લોકોનો અને બહારથી આવનારા લોકોનો છે. આ સંદર્ભે ગ્રામ વિસ્તારની આરોગ્ય સેવાઓ સુંદર રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલ સખત જહેમત ઉઠાવી રહ્યા છે. ૨૦૦૯ની બેચના આ સનદી અધિકારી મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાના ઉનાવાના વતની છે. બી.કોમ., એલએલ.એમ.ની ડિગ્રી ધરાવતા રાવલ નેધરલેન્ડ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પબ્લિક પોલીસી એન્ડ ડેમોક્રેટાઈઝેશન(લોકશાહીકરણ)ની પદવી પણ મેળવી ચૂક્યા છે. વર્તમાન પરિસ્થિતિમાં જે અધિકારીઓ પોતાની ફરજ અત્યંત નિષ્ઠાથી બજાવી રહ્યા છે તેમાં રાવલનો પણ સમાવેશ થાય છે. ફેબ્રુઆરી-૨૦૧૯થી ગાંધીનગરમાં ફરજ બજાવતાં આ જીલ્લા વિકાસ અધિકારી એર કન્ડિશન ચેમ્બરમાં બેસીને વહીવટ કરવાને બદલે સતત ફિલ્ડમાં જઈને કામ કરે છે. ડી.ડી.ઓ. રાવલ સરાસરી દરરોજ એક ગામડાની મુલાકાત લઈને ત્યાંની આરોગ્ય સેવા તપાસે છે. વળી, જ્યા સંક્રમણના કેસો વધારે માત્રામાં હોય તેવા વિસ્તારો તો રાવલ ખાસ આવરી લે છે. અગાઉ દેવભૂમિ દ્વારકા ખાતે ડી.ડી.ઓ. તરીકે સેવા આપી ચૂકેલા રાવલ જૂન-૨૦૨૧માં નિવૃત્ત થનાર છે. કાર્યકાળના છેલ્લા વર્ષમાં પણ નિષ્ઠાપૂર્વક દોડીને કામ કરી રહેલાં ડી.ડી.ઓ. રાવલ પ્રત્યે લોકોમાં આદરની ભાવના જન્મી છે.

### દિલ્હીની જેમ રાજકોટ શહેરમાં

# ગ્રીન ઝોનમાં મોર્નિંગ વોક માટે ગાર્ડન, પાર્ક્સ ૩ કલાક માટે ખોલો- વશરામભાઈ સાગઠીયા

રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા અને રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જશવંતસિંહ ભટ્ટી ની સંયુક્ત યાદી જણાવે છે કે સમગ્ર રાજકોટ શહેરમાં કોરોના મહામારીને પગલે લોકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે ત્યારે શહેરમાં યુવાનો, મહિલાઓ અને વૃદ્ધો જેઓ ઘણા વર્ષોથી મોર્નિંગ વોક અને કસરત કરવા માટે ટેવાયેલા છે તેમજ પોતાની દિનચર્યા શરુ કરે છે ત્યારે લોકડાઉનના પગલે લોકો છેલ્લા બે માસથી ઘરમાં પુરાઈ રહ્યા છે અને અમુક લોકોને સ્થૂળતા અને આળસનો ભોગ બન્યા છે તે પગલે લોકોમાં મોર્નિંગ વોક કરવાની વ્યાપક માંગ ઉઠી છે.



લોકડાઉન ના ચોથા તબક્કામાં પ્રતિબંધોમાં ઢીલ અપાઈ છે ત્યારે દેશભરમાં તેની અસર જોવા મળી છે જયારે દિલ્લીમાં દિલ્લી મહાનગરપાલિકા દ્વારા દ્ધદ્ધસ્ઞ્ઞ વિસ્તારમાં પાર્ક્સ અને ગાર્ડનને ખોલવા નિર્ણય લેવામાં આવ્યો છે જેથી લોકો સવારે ૭ થી ૧૦ વાગ્યા સુધીમાં મોર્નિંગ વોક કરીશકે, હરીફરી શકે અને વ્યાયામ કરીશકે.

આ બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અમુક નિયમો અને ગાઈડલાઈન જાહેર કરવી જોઈએ અને લોકડાઉન સંબંધિત તમામ પગલા અને નિયમો રાજકોટવાસીઓ પાડશે તેવી ખાતરી રાજકોટના લોકો વતી અમે આપીએ છીએ અને રાજકોટવાસીઓ ઘણા લાંબા સમય પછી ખુલ્લી હવામાં શ્વાસ લે તેવી લોકોની લાગણી વતી માંગણી કોંગ્રેસના રાજકોટ મહાનગરપાલિકા ના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા અને પૂર્વ પ્રમુખ જશવંતસિંહ ભટ્ટીએ યાદીમાં જણાવ્યું છે.

(વશરામભાઈ સાગઠીયા)

# મોડાસામાં લોકડાઉનમાં સાદાઈથી રમઝાન ઈદની ઉજવણી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં લઘુમતી સમાજ દ્વારા કોરોના લોકડાઉનની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને સાદાઈથી રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી મુસ્લિમ બિરાદરોએ તેમના ઘરમાં જ ઈદની ખાસ નમાજ પઢી હતી.

સરકારની સુચના અનુસાર અને મુસ્લિમ સમાજના ધર્મગુરુઓના આદેશ અનુસાર મુસ્લિમ પરિવારોએ પોતપોતાના ઘરમાં જ રહીને ઈદની ખાસ નમાઝ પઢી હતી. બાદ સૌ કોઈએ સગાસબંધીઓને તેમજ મિત્રવર્તુળમાં ટેલીફોનીક અને સોશ્યલ મિડીયાના માધ્યમથી ઈદની મુબારકબાદી પાઠવી હતી. હિન્દુ સમાજનાં લોકોએ પણ મુસ્લિમ બિરાદરોને સોશ્યલ મીડિયા અને ટેલિફોનિક ઈદ મુબારકબાદી પાઠવી હતી

ધર્મગુરૂના આદેશથી કોરોનાને લક્ષમાં લઈને સમાજે સાદગીપૂર્ણ રીતે ઈદની ઉજવણી કરીને આ વૈશ્વિક મહામારીની વિષમ પરિસ્થિતિમાં દેશવાસીઓ વધુ સુરક્ષિત રહે તેઓનું સ્વાસ્થ્ય સારૂ રહે તેઓ અન્ય લોકોને અને પરસ્પર ઉપયોગી બને તેવી પ્રચાર માધ્યમોમાં અપીલ કરી હતી.રમજાન માસ દરમિયાન પણ મુસ્લિમ બિરાદરોએ પોતાના ઘરમાં જ રહીને ઈબાદત કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.